Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

देवं श्रेणिकवत्प्रपूजय गुरुं वंदस्व गोविंदवत्
दानं शील तपः प्रसंगसुभगां चाभ्यस्य सद्भावनां ॥
श्रेयांसश्च सुदर्शनश्च भगवानाद्यः स चक्री यथा
धर्म्ये कर्मणि कामदेववदहो चेतश्चिरं स्थापय ॥ १ ॥

પુસ્તક ૩૪ મું. ] જેઠ. સંવત ૧૯૭૪. વીર સંવત ૨૪૪૪. [ અંક ૩ જો.

## सांभरशे सहुने विक्रमनी, ओगणीचुमोतेरनी साल.

( સવૈયા–એકત્રીસા. )

( ૧ )

ખુનખાર વિગ્રહથી યુરોપમાં, ચાલી રહેલો ત્રાસ અપાર;
અતિવૃષ્ટિએ મેહ વરસતાં, નુકશાની થઇ અપરંપાર;
દુષ્ટ પ્લેગ પ્રસરી બહુ ભાગે, કર્યા કઇકના બૂરા હાલ;
સાંભરશે સહુને વિક્રમની, ઓગણી ચુમોતેરની સાલ.

( ૨ )

જાર બાજરી પાક સોડવ્યા, ખેરવી નાખ્યા વણુના ફૂલ;[1]
ચડ્યા ભાવ સરપણુના[2] એવા, મળે નહિ મોંમાગ્યે મૂલ;
પડે [3]આશરા કઇક જનોના, મેહ વૃષ્ટિ થાતાં અંસરાલ;
સાંભરશે સહુને વિક્રમની, ઓગણી ચુમોતેરની સાલ.

( ૩ )

સ્થળ અનેક ઉભરાઇ નીકળતાં, દુષ્ટ પ્લેગ વરતાવે કેર;
નાસી નીકળતાં આસપાસના, ગામોમાં પથરાયું ઝેર;
ચાર પાંચ સ્થળ બદલાવેલા, જાણે વિતકનો હેવાલ;
સાંભરશે સહુને વિક્રમની, ઓગણી ચુમોતેરની સાલ.

૧ કપાસના ફુલ. ૨ બળતણુના–છાણા લાકડાના. ૩ ઘરો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૪)

હરણ ફાળથી આસપાસના, [1]જાન બચાવા શોધ્યા ગામ;
મોંમાગ્યે ભાડે મેળવતા, ગ્રહસ્થ જનો જ્યાં ત્યાં મુકામ;
સાધારણ જનની સ્થિતિના, ત્રાસ થાય જોતાં હેવાલ;
સાંભરશે સહુને વિક્રમની, ઓગણી ચુમોતેરની સાલ.

(૫)

કઇક ઘરે દેવાયાં તાળાં, કઇક ઘરોના પાલણહાર;
પોઢ્યા આશભર્યા અણધાર્યા, દુષ્ટ પ્લેગ ભડકા મોઝાર;
કઇક જીવન સુધી ભુલે નહિ, પડ્યાં દુઃખ એવાં અસરાલ;
સાંભરશે સહુને વિક્રમની, ઓગણી ચુમોતેરની સાલ.

(૬)

આધિ વ્યાધિ ઉપાધિ ભરેલો, તરે સર્વ નજરે સંસાર;
વિપત સમય વિણ જ્ઞાની જનને, કાયમ દિલમાં એહ વિચાર;
દુર્લભ સમયે દિન જનોની, લિયે વીર પુરૂષો સંભાળ;
સાંભરશે સહુને વિક્રમની, ઓગણી ચુમોતેરની સાલ.

દુર્લભજી વિ૦ ગુલાબચંદ મહેતા–વળા.

## જીભલડીને શિખામણની સજ્જાય.

બાપલડીરે જીભલડી તું, કાં નવી બોલે મીઠું;
વિરૂઆં વચન તણાં ફળ વિરૂઆં, તે શું તેં નવી દીઠું રે. બા૦
અન્ન ઉદક અણગમતાં તુજને, જેમ નવી રૂચે અનીઠાં;
અણ બોલાવ્યો તું શા માટે, બોલે કુવચન ધીઠાં રે. બા૦
અગ્નિ દાઝ્યો તે પણ બાળે, કુવચન દુર્ગતિ ઘાલે;
અગ્નિથકી અધિકું તે કુવચન, તે તો ક્ષણ ક્ષણ સાલે રે. બા૦
તે નર માન મહોત નવી પામે, જે નર હોય મુખરોગી;
તેહને તો કોઇ નવી બોલાવે, તે તો પ્રત્યક્ષ સોગી રે. બા૦
ક્રોધ ભર્યો જે કડવું બોલે, અભિમાને અણગમતે;
આપ તણો અવગુણ નવી દેખે, તે કેમ જાશે મુગતે રે. બા૦
જનમ જનમની પ્રીતિ વિણાસે, એકણ કડુવે બોલે;
મીઠાં વચન થકી વિણ ગરથે, લેવો સબ જગ મોલે રે. બા૦

[1] જીવ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આગમને અનુસારે હિત મિત, જે નર રૂડું ભાખે;
પ્રગટ થઈ પરમેશ્વર તેહની, લજ્જા જગમાંહી રાખે રે. બા૦
સુવચન કુવચનનાં ફળ જાણી, ગુણ અવગુણ મન આણી;
વાણી બોલો અમીય સમાણી, લબ્ધિ કહે સુણો પ્રાણી રે. બા૦

# परनिंदा निवारक हित शिखामणनी सज्झाय.

## કડખાની દેશી.

મકર હો જીવ પરતાંત[1] દિનરાત તું, આપણો વાંક નયણે ન દેખે;
તિલસમ પારકા દોષ હોવે જીકે, તેહ કરી દાખવે મેરૂ લેખે. મકર૦
કો કરે પરતણી અતિહી નિંદા ઘણી, તેહ તો તેહનો મેલ ધોવે;
તાસ ઉજ્વલ કરે પિંડ પાપે ભરે, મૂઢ તેમાં સવી સુગુણ ખોવે. મકર૦
બહુલ મચ્છરપણે[3] ગુણ તજી પરતણા, સંત અણસંત[2] જે દોષ ભાખે;
બાપડો જીવડો તેહ મૂરખપણે, ગજપરે નિજ શિરે ધૂળ નાખે. મકર૦
દ્રાક્ષ સાકર સરસ વસ્તુ સવી પરહરી, કાક જેમ ચાંચશું મેલ ચુંથે;
નિંદકી તેમ ગુણ કોડી છોડી કરી, ચિત્તમાં પરતણા દોષ ગુંથે. મકર૦
અંગ જેમ ગોપવી મીનને મારવા, બગ રહે તાકી જીમ નીર નાકે;
નીચ તિમ છીદ્ર ગોપવી કરી આપણા, રાત દિન પારકાં છિદ્ર તાકે. મકર૦
નિપટ લંપટ પણે લંપટી કુતરો, વમન દેખી કરી નફટ નાચે;
દોષ લવલેશ પામી તથા પાતકી, અધમ જન સબળ મનમાંહી માચે. મકર૦
એક સજ્જન હોયે સેલડી સારિખા, ખંડ ખંડે કરી કોઇ કાપે;
તોહિ પણ પીડતાં આપ ઉત્તમપણે, સરસ રસ વસ્તુનો સ્વાદ આપે. મકર૦
કોડી અવગુણ પણ છોડી જે ગુણ ગ્રહે, દેશ પરદેશં તે સુખ પાવે;
દેખ પ્રત્યક્ષ પણે કૃષ્ણ પરે તેહનાં, દેવરાજેંદ્ર પણ સુયશ ગાવે. મકર૦
દેવ ગુરૂ ધર્મ આરાધ શુદ્ધે મને, પારકે પેશમાં મૂઢ કાને;
સકલ સુખકારિણી દુરિત દુ:ખવારિણી, ભાવના એહ હિતશીખ માને. મકર૦

૧ પરનિંદા–ખોદણી. ૨ છતા અણછતા ૩ માછર્લા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ચોવીશ અતિશય.

ઉપદેશ પ્રાસાદના કર્તા શ્રી વિજયલક્ષ્મીસૂરિ, તે ગ્રંથના પહેલાજ વ્યાખ્યાનના અંતિમ ભાગમાં જણાવે છે કે, જે મનુષ્યો જિનેશ્વરના ૩૪ અતિશયોનું સ્મરણ નિરંતર પ્રાતઃકાળે કરે છે, તેઓ સમગ્ર સમૃદ્ધિયુક્ત થાય છે.

તેત્રીશ વર્ષ સમાધિપૂર્વક પસાર કરી, ચોત્રીશમા વર્ષમાં પ્રવેશ કરતાં ભગવંત શ્રી ઋષભદેવ, શ્રી શાંતિનાથ, શ્રી કુંથુનાથ તથા શ્રી અરનાથ, તેત્રીશ સાગરોપમની આયુષ્યમર્યાદાની સ્થિતિવાળા સર્વાર્થસિદ્ધ વિમાનથી ચ્યવી આ ભરત ક્ષેત્રમાં ઉત્પન્ન થયા, તેમને માંગળિક નિમિત્તે વંદન કરી, તેમના ચોત્રીશ અતિશયોનુ વર્ણન કરવું ઉચિત જણાય છે.

દરેક તીર્થંકર ચોત્રીશ અતિશય યુક્ત હોય છે. આ ચોત્રીશ પૈકી ચાર અતિશયો જન્મથીજ હોય છે, જે તેઓની અતિશય પુણ્યપ્રકૃતિનાં ઉદયની નિશાની છે. અગીઆર ઘાતિકર્મ ક્ષય થવાથી ઉત્પન્ન થાય છે, અને ઓગણીશ દેવતાઓ ભક્તિભાવથી કરે છે, તે તેમનો આચાર છે.

(૧) તીર્થંકરનો દેહ સર્વ મનુષ્યો કરતાં શ્રેષ્ઠ અને અદ્ભુત સ્વરૂપવાન્ હોય છે, અને વ્યાધિ, પ્રસ્વેદ તથા મેલ રહિત હોય છે. (૨) તેમનો શ્વાસોશ્વાસ કમળના પરિમળની જેવો સુગન્ધી હોય છે. (૩) શરીરની અંદરનું માંસ અને રૂધિર ગાયના દુધ જેવું સફેદ હોય છે. (૪) તેઓનો આહાર અને નિહાર ચર્મચક્ષુવાળા પ્રાણીઓને ( મનુષ્યાદિકને ) અદૃશ્ય હોય છે, પરંતુ અવધિ વિગેરે જ્ઞાનવાળા પુરૂષો જોઇ શકે છે.

આ ચાર અતિશયો જન્મ સમયથીજ ઉત્પન્ન થાય છે, પૂર્વભવમાં શુદ્ધ ભાવથી ધર્મ આરાધન કરેલાનું આ ફળ છે. પુણ્યપ્રકૃતિનાં દળીયાં સત્તામાં રહેલાં હોય છે, તેના ઉદયથી પ્રાણીને સાતાવેદનીય કર્મ ઉદયમાં આવે છે. સર્વ પ્રાણીઓ કરતાં તીર્થંકરની પુણ્યપ્રકૃતિ ઘણી જબરજસ્ત હોય છે, અને તેથીજ તેઓ પ્રતિભાશાળી અને પૂજનીય થાય છે; એટલુંજ નહિ પણ માતાના ગર્ભમાં ઉત્પન્ન થાય છે ત્યારથી તેઓ ત્રણ જ્ઞાન સહિત હોય છે અને ઇંદ્રાદિક દેવો તેમનું વંદન પૂજન કરે છે.

આઠ પ્રકારનાં કર્મમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય આ ચાર કર્મ ઘાતિકર્મના નામથી ઓળખાય છે. તે આત્માના સ્વાભાવિક ગુણના રોધક હોય છે. કર્મોની સત્તા કેટલી જબરજસ્ત હોય છે તે આ ઉપરથી સમજાય છે. અવધિજ્ઞાનવાળાઓ પણ એ કર્મ સહિત હોય છે. તીર્થંકર ભગવંત ગૃહસ્થધર્મનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરી, આ ચાર ઘાતિકર્મને ખપાવી કેવળજ્ઞાના-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દિક આત્મિકલક્ષ્મી પ્રગટ કરે છે. જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. ત્યાં સુધી તેઓ દેશના પણ આપતા નથી. કેવળજ્ઞાન પ્રાપ્ત થવાથી નીચેના અગીઆર અતિશય સ્વભાવથી ઉત્પન્ન થાય છે.

(૧) ભગવંતના સમવસરણની ભૂમિ એક યોજન વિસ્તારવાળી હોય છે, તો પણ તેટલી જગ્યામાં કરોડો દેવતાઓ, મનુષ્યો, અને તિર્યંચો પરસ્પર બાધા રહિત સમાઈ શકે છે અને સુખે બેસી શકે છે.

(૨) ભગવંતે કહેલી પાંત્રીશ ગુણયુક્ત અર્ધમાગધીભાષા દેવતાઓ, મનુષ્યો અને તિર્યંચો પોતપોતાની ભાષામાં સમજી શકે છે, અને તે તેમને ધર્મનો બોધ કરનારી થાય છે. સમવસરણમાં રહેલા સર્વ પ્રાણીઓ એક સરખી રીતે તે ઉપદેશ સાંભળી શકે છે. ભગવંતની વાણી સાંભળીને અનેક ભવ્ય જીવો શ્રુતના પારગામી થાય છે,

(૩) ભગવાનના મસ્તક પાછળ બાર સૂર્યબિંબની કાન્તિથી પણ અધિક તેજસ્વી અને મનુષ્યોનો મનોહર લાગે તેવું ભામંડળ એટલે કાંતિના સમૂહનો ઉદ્યોત પ્રસરેલો રહે છે.

(૪) તીર્થંકર જે જે સ્થળે વિહાર કરે છે તે તે સ્થળે સર્વ દિશાઓમાં પચીશ પચીશ યોજન અને ઉંચે નીચે સાડાબાર યોજન એમ તીર્છા પાંચસો ગાઉ સુધીમાં પ્રથમ થયેલા જ્વરાદિક રોગો નાશ પામે છે અને નવા રોગો ઉત્પન્ન થતા નથી.

(૫) ઉપર કહ્યા પ્રમાણે ભગવાન જ્યાં સ્થિતિ કરે છે ત્યાં પ્રાણીઓના જાતિથી (જન્મથી) ઉત્પન્ન થયેલાં સ્વાભાવિક વૈર પરસ્પર બાધાકારી થતા નથી. (શાંત થઈ જાય છે.)

(૬) સાત પ્રકારના ઇતિ ઉપદ્રવ તથા ધાન્યાદિકને નાશ કરનાર તીડો, સૂડા અને ઉંદર વિગેરે ઉત્પન્ન થતા નથી.

(૭) મરકી તથા દુષ્ટ દેવતા વિગેરેએ કરેલા ઉપદ્રવ અને અકાળ મૃત્યુ થતાં નથી.

(૮) અતિવૃષ્ટિ થતી નથી.

(૯) અનાવૃષ્ટિ થતી નથી.

(૧૦) દુકાળ પડતો નથી.

(૧૧) સ્વરાજ્યનો ભય (લશ્કરી હુલડ વિગેરે) તથા પરરાજ્યનો લઢાઈ વિગેરેનો ભય ઉત્પન્ન થતો નથી.

તીર્થંકર ભગવાનના અસ્તિત્વથી જગતના લોકોને સ્વાભાવિક કેટલો ઉપકાર થાય છે, એ ઉપરના અતિશય ઉપરથી આપણને સમજાય છે. જે ભૂમિમાં તીર્થંકર ભગવંત વિચરતા હોય તે પ્રદેશમાં જન્મ થવો અને વસાવટ કરવી એ પણ એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રકારની પુણ્યાઈ માનવા જેવું છે, કેમકે ઉપરના અતિશયમાં વર્ણન કરેલા કેટલાક કારણો પ્રાણીઓને ઉપદ્રવ કરી શકે નહિ, અને શાંતિમાં જીવન ગુજારી શકાય, એ ઘણું કેટલું બધું સુખકારક કહેવાય.

આ ઉપરાંત દેવતાઓ ભક્તિવશાત્ જે કરે છે, તે દેવકૃત અતિશય ગણાય છે. તે ઓગણીશ છે. (૧) પ્રભુ જે જે સ્થળે વિહાર કરે ત્યાં આકાશમાં દેદીપ્યમાન કાન્તિવાળું ધર્મચક્ર આગળ ચાલે છે. (૨) સફેદ ચામરો બન્ને બાજુ આકાશમાં ચાલે છે. (૩) આકાશમાં નિર્મળ સ્ફટિકમણિનું રચેલું પાદપીઠ સહિત સિંહાસન ચાલે છે. (૪) આકાશમાં ભગવંતના મસ્તક ઉપર ત્રણ છત્ર રહે છે. (૫) આકાશમાં રત્નમય ધર્મધ્વજ ( ઇંદ્રધ્વજ ) પ્રભુની આગળ ચાલે છે.

આ પાંચે અતિશયો જ્યાં જ્યાં જગદ્‌ગુરૂ ભગવંત વિહાર કરે ત્યાં ત્યાં યથાયોગ્ય ઉપયોગમાં આવે છે, એટલે કે ધર્મચક્ર તથા ધર્મધ્વજ આગળના ભાગમાં રહે છે, પાદપીઠ પગ તળે રહે છે, સિંહાસન ઉપર પ્રભુ બેસે છે, ચામરો વિંજાય છે, છત્રો મસ્તક ઉપર રહે છે.

(૬) માખણ જેવા કોમળ સુવર્ણના નવ કમળો દેવો રચે છે, તેમાં બે કમળ ઉપર તીર્થંકર ભગવંત પોતાના બે પગ રાખી ચાલે છે, બાકીના સાત કમળો ભગવાનની પાછળ રહે છે, તેમાંથી બે કમળો ક્રમસર ભગવંતની આગળ આવ્યા કરે છે. (૭) તીર્થંકર ભગવંતના સમવસરણ ફરતા મણિનો, સુવર્ણનો અને રૂપાનો એમ ત્રણ ગઢ દેવતાઓ રચે છે. તેમાંનો ભગવાનની પાસેનો પહેલો ગઢ વિચિત્ર પ્રકારના રત્નોમય, વૈમાનિક દેવતાઓ બનાવે છે, બીજો એટલે મધ્યનો ગઢ સુવર્ણમય જ્યોતિષી દેવો બનાવે છે, તથા ત્રીજો એટલે બહારનો રૂપાનો ગઢ ભુવનપતિ દેવતાઓ રચે છે. (૮) તીર્થંકર ભગવંત જ્યારે સમવસરણમાં સિંહાસન પર બેસે છે, ત્યારે તેમનું મુખ ચારે દિશામાં દેખાય છે. તેમાં પૂર્વ દિશા તરફ મુખ રાખીને પ્રભુ પોતેજ બિરાજે છે, બાકીની ત્રણ દિશામાં જિનેંદ્રના પ્રભાવથી તેમના જેવીજ રૂપવાન સિંહાસન વિગેરે સહિત ત્રણ મૂર્તિઓ દેવતાઓ વિકુર્વે છે. તે રચવાનો હેતુ એ છે કે સર્વ દિશાઓમાં બેઠેલા દેવો વિગેરેને પ્રભુ પોતેજ અમારી સામે બેસીને અમને ઉપદેશ કરે છે એવો વિશ્વાસ આવે છે. (૯) જ્યાં જ્યાં પ્રભુ સ્થિતિ કરે છે, તે તે સ્થળે જિનેશ્વરની ઉપર દેવતાઓ અશોક તરૂ રચે છે, તે જિનેશ્વરથી બાર ગુણો ઉંચો હોય છે. (૧૦) જ્યાં જ્યાં તીર્થંકર વિચરે છે, ત્યાં ત્યાં કાંટાઓ અધોમુખ થઈ જાય છે. (૧૧) ભગવંત ચાલે છે ત્યારે રસ્તામાં વૃક્ષો તેમને પ્રણામ કરતા હોય તેમ નીચા નમે છે. (૧૨) ભગવંત વિચરે છે ત્યારે આકાશમાં દેવદુંદુભી વાગ્યા કરે છે. (૧૩) જ્યાં ભગવંત વિચરે છે ત્યાં સંવર્તક જાતિનો વાયુ શીતળ, સુખસ્પર્શવાળો અને સુગંધયુક્ત સર્વ દિશાઓમાં ચોતરફ એક એક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોજન સુધી ભૂમિનું પ્રમાર્જન કરે છે. (૧૪) પ્રભુ જ્યાં જ્યાં વિહાર કરે છે ત્યાં ત્યાં ચાસ, મોર અને પોપટ વિગેરે પક્ષીઓ પ્રભુને પ્રદક્ષિણા દે છે. (૧૫) જે સ્થળે પ્રભુ વિરાજે છે ત્યાં ધુળી સમાવવા માટે મેઘકુમાર દેવો ઘનસારાદિ યુકત ગંધોદકની વૃષ્ટિ કરે છે. (૧૬) સમવસરણની ભૂમિમાં ચંપક વિગેરે પંચરંગના પુષ્પોની જાનુ-પ્રમાણ વૃષ્ટિ થાય છે. (૧૭) તીર્થંકરના મસ્તકના કેશ, દાઢી, મુછ તથા હાથ પગના નખ વૃદ્ધિ પામતા નથી. (૧૮) તેમની સમીપે સર્વદા ઓછામાં ઓછા એક કરોડ ભુવનપતિ વિગેરે ચારે નિકાયના દેવો રહે છે. (૧૯) જિનેશ્વર જે સ્થાને વિચરતા હોય છે. ત્યાં વસંત વિગેરે સર્વ ઋતુના મનોહર પુષ્પફળાદિકની સામગ્રી પ્રગટ થાય છે, એટલે બધી ઋતુઓ સમકાળે ફળે છે.

આ પ્રમાણે દેવતાઓના કરેલા ઓગણીશ અતિશયો મેળવતાં એકંદર ચોત્રીશ અતિશયો સર્વ તીર્થંકરોને હોય છે. જન્મના ચાર અતિશયો સિવાયના બાકીના ત્રીશ અતિશયો ભગવંતને કેવળજ્ઞાન થયા પછી હોય છે. તીર્થંકરને તીર્થંકરનામ-કર્મની પ્રકૃતિ સત્તામાં હોય છે, પણ તેનો ઉદય તો કેવળજ્ઞાન થયા પછીજ થાય છે. તેથી આ સર્વ પ્રભાવ તીર્થંકરનામકર્મની પ્રકૃતિનો પણ ગણી શકાય. જો કે આ અતિશયોનો ઉદય તેમને હોય છે, છતાં ભગવંત તેમાં લેશમાત્ર આસક્ત થતા નથી કે તેમાં રાગ ધરાવતા નથી. તીર્થંકરો જન્મથી જ જે જે વસ્તુઓ ભોગવે છે તેમાં રાગી થતા નથી પણ તેને ભોગકર્મના ફળ વિપાક સમજી માધ્યસ્થવૃત્તિ રાખે છે.

૧ જ્ઞાનાતિશય, ૨ વચનાતિશય, ૩ પૂજાતિશય, અને ૪ અપાયાપગમાતિશય. આ પ્રમાણેના ચાર અતિશયની અંદર ઉપરના ચોત્રીશેનો સમાવેશ થાય છે. તીર્થંકર ભગવંત તદ્ભવ મુક્તિગામી હોવા છતાં દીક્ષાને અવસરે વરસીદાન દઇ ગૃહસ્થ-પણાનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરે છે. આ ઉપરથી સંસારમાં રહી મુક્તિ મેળવવાનો દાવો કરનારાઓએ ધડો લેવા જેવો છે. બેશક મરૂદેવી માતા અને ભરત ચક્રી વિગેરે કેટલાક મહાત્માઓ સંસારમાં રહી કેવળજ્ઞાન ઉત્પન્ન કર્યાના દાખલાઓ છે, પણ તેવા દાખલાઓ કવચિતજ બને છે, તેથી તે મુખ્ય માર્ગ કહે-વાય નહિ. તેવા મહાન્ પુરૂષોના ચરિત્રનું અવલોકન કરીશું તો આપણને જણાશે કે સંસારી છતાં તેઓ કેવળ સાધુવૃત્તિથી સંસારમાં રહેતા હતા. બાહ્યથી ગમે તેવું લિંગ હોય તોપણ ગુણસ્થાનકના નિયમ પ્રમાણે છઠ્ઠું ગુણસ્થાનક જે સર્વવિરતિ સાધુમુનિરાજ આશ્રી મનાય છે તે પ્રાપ્ત કર્યા સિવાય તો તેઓ ઉપલા ગુણસ્થાનકે જઇ શકેજ નહિ. તેઓ પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયા પછી જો તેમનું આયુષ્ય શેષ રહેલું હોય છે તો સાધુપણાના વેશને અંગીકાર કરે છે.

તીર્થંકર મહારાજાઓ દીક્ષા અંગીકાર કર્યા પછી અને કેવળજ્ઞાન ઉત્પન્ન થવાના વચલા કાળમાં ચાર ઘાતિકર્મ ખપાવવાને તપસ્યાદિ કરે છે તથા પરિસહો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સહન કરે છે. તેઓ ભવિતવ્યતાનું એકાંત આલંબન પકડી કર્મ ખપાવવા કંઈ પણ ઉદ્યમ નહિ કરતાં નિશ્ચિંતપણે બેસી રહેતા નથી. એ ઉપરથી આપણે પણ ઘણું ગ્રહણ કરી શકીએ તેમ છે.

તીર્થંકરના જીવોએ પોતાના પૂર્વ ભવોમાં રત્નત્રયીનું યથાર્થ આરાધન કરેલું હોય છે, તેનુંજ આ પરિણામ છે. સમ્યગ્ જ્ઞાનપૂર્વક ચારિત્ર ધર્મનું યથાશકિત આરાધન કરવાથી અશુભ કર્મપ્રકૃતિઓનું જોર કમતી થાય છે, અને પુણ્યપ્રકૃતિઓનું જોર વધે છે. કેટલાકની એવી સમજુતી હોય છે કે ' પુણ્ય એ આશ્રવ છે ' અને તેનો બંધ પણ જીવને મોક્ષપ્રાપ્તિમાં અંતરાય કરનાર છે, તેથી પુણ્યનો બંધ પડે તેવી ક્રિયાઓ પણ કરવી નહી; પણ અહિં ન્યાયપૂર્વક વિચાર કરવાનો છે. જીવ અનાદિ કાળથી મિથ્યાત્વ, અવિરતિ વિગેરે કારણોથી અશુભ આશ્રવને ગ્રહણ કરી પાપબંધ કરી રહ્યો છે. તેને જો તેના પ્રતિપક્ષી પુણ્યના કારણોથી નહિ રોકીએ તો ક્ષણે ક્ષણે અશુભ કર્મનો બંધ કરી નીચગતિમાં જવાની સામગ્રી ભેગી કરશે, તેથી તેને તેમ કરતાં અટકાવવા માટે પુણ્યબંધ થાય તેવી કરણી કરવાથી નીચી ગતિનો બંધ ન પડે એ કાંઇ ઓછો લાભ નથી. શાસ્ત્રમાં પુણ્યાનુબંધી પુણ્યને મોક્ષસ્થાને પહોંચાડવાને રખોપા તુલ્ય ગણેલ છે અને સંસાર-બંધનથી મુક્ત થઈ સિદ્ધસ્થાન પ્રાપ્ત કરવાને પુન્યાનુબંધી પુન્યની મદદ સિવાય કોઇ પણ જીવ ત્યાં જવાની સામગ્રી મેળવી શકતોજ નથી. કેવળજ્ઞાન ઉત્પન્ન કરવાને પ્રથમ તો વજ્રઋષભનારાચ સંઘયણનીજ જરૂર છે, અને તે સંઘયણ પણ પુન્ય સિવાય પ્રાપ્ત થતું નથી, તેનો સમાવેશ પુણ્યપ્રકૃતિમાંજ કરેલો છે અને બાકીના પાંચનો તેની અપેક્ષાએ પાપ પ્રકૃતિમાં કરેલો છે. પુણ્યના બંધથી ડરનાર આગળ શી રીતે વધી શકે એ વિચાર કરવા જેવો વિષય છે. આવા તત્ત્વના વિષયમાં કદાગ્રહથી વિચાર કરવાને બદલે ન્યાયબુદ્ધિથી સમ્યગ્ રીતે વિચાર કરનારજ યોગ્ય રસ્તે ચઢી શકે છે.

વાંચક બંધુ ! તીર્થંકર ભગવાનનાં અતિશયોનું અહર્નિશ સ્મરણ કરી અને ભગવંતના અનંતા ગુણોની પીછાન કરી તેના નિમિત્તથી આપણા આત્માની શુદ્ધિ કરવાને પ્રયાસ કરીશું તો આપણે કંઈને કંઇ અંશે આગળ વધી શકીશું–એવી શ્રદ્ધા રાખવાની ખાસ જરૂર છે. શ્રદ્ધાપૂર્વક આગળ વધી શકાય એવો આ મનુષ્ય જન્મ ફરી ફરી મળવાનો નથી. જો આપણે પ્રમાદમાં જીવન પૂરૂં કરીશું તો પછી આખર આપણે પસ્તાવું પડશે, માટે ચેતીને આગળ ચાલવું એ આપણી પોતાનીજ ફરજ છે એ ફરજ અદા કરી આપણા જીવનને સફળ કરવું એ આપણા પોતાનાજ હાથમાં છે.

નંદલાલ લલુભાઇ વકીલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# जळमंदिरमां सात्विक कल्लोल.

( લખનાર—મો. ગિ. કાપડીઆ સોલીસિટર—મુંબઇ. )

રાષ્ટ્રિય ઉન્નતિના રાજ્યદ્વારી પ્રકરણનો અનેક ઠરાવો દ્વારા પરામર્શ કરી, સ્વરાજ્યના ઠરાવ પર પ્રથમ પંક્તિના અનેક વક્તાઓના સુભાષિતો શ્રવણ કરી, દેશધર્મની ચર્ચા કરતાં આખરે બે સહમિત્રો અને એક નોકર સાથે લખનૌથી કાનપુર માર્ગે બખતીયારપુર આવી છેવટે બીહારને સ્ટેશને આવી પહોંચ્યા. આ નવીન વાતાવરણમાં આવતાં ધર્મભાવના જાગ્રત થઇ. ધર્મશાળામાં સામાન મૂકી આ વિશાળાનગરીમાં પગલાં ચાલ્યાં ત્યારે પૂર્વકાળની આ મહાનગરીની વર્તમાન દશા જોતાં મનમાં ખેદ થયો અને જે પાવન વસુંધરામાં પૂર્વકાળના મહાપુરૂષો ચાલ્યા હતા ત્યાં સ્પર્શના કરવાનો પ્રસંગ મળ્યો.તે માટે અંતઃકરણ હર્ષથી ધડકવા લાગ્યું. વિશાળાનગરીનાં ચૈત્યના દર્શનનો લાભ લઈ મનની વૃત્તિ પાવાપુરી જવાને ઉછળી રહી. જે પવિત્ર સ્થાનમાં આસન્ન ઉપકારી ચરમ તીર્થંકર શ્રી વીરપરમાત્મા નિર્વાણ ગયા તે સ્થાન કેવું હશે, તેની રમણીયતા કેવી આકર્ષક હશે, તેમાં ગમન કરતાં કેવી હૃદય નિર્મળતા થશે એ વિચારમાં વાહન પર બેઠા અને ગાડી આગળ વધવા લાગી.

અમારી મંડળીએ ત્રણેક માઈલની મુસાફરી કરી નહિ હોય ત્યાં તો સપાટ પ્રદેશમાં દૂર ક્ષિતિજમાં સુંદર સફેત વર્ણનાં દૃશ્યો જણાવા લાગ્યાં. એ પ્રદેશ પાવાપુરીનો રમ્ય વિભાગ છે એવું સમજાતાં પુનિતપાવન વસુંધરાના માર્ગે ગમન કરવા તીવ્ર ઇચ્છા થઇ. જે સ્થાનપર આપણે ગમન કરીએ છીએ ત્યાં પૂર્વે ગૌતમઈંદ્રભૂતિ ચાલ્યા હશે, શ્રેણીકરાજાની સ્વારી નીકળી હશે, નંદિવર્ધન અનેકવાર પોતાના બંધુને સુખ સમાચાર પૂછવા આવ્યા હશે, અનેક સાધુ મહાત્માઓ એ માર્ગે આવી ગયા હશે અને ખુદ વીરપરમાત્મા પણ એ માર્ગે ચાલ્યા હશે, એવા એક પછી એક સુંદર વિચારો આવવા લાગ્યા. આખરે બહુ નજીક આવી લાગ્યા અને જ્યારે સરોવરની વચ્ચે આવેલ જળમંદિર દેખાયું ત્યારે હૃદયે જે શાંતિ અનુભવી તે અનિર્વર્ણનીય છે, ભાષાથી બહુધા અગોચર છે. એ શાંત સ્થાનની બે બાજુ પરિવર્તન થતાં દેવતાઓ એ સ્થાનપરની કેટલી માટી લઈ ગયા હશે અને હવે આપણને એ સ્થાન જોવાની—નિરખવાની તક મળશે એ વિચારથી મંદિર તરફ હૃદય નમી ગયું, સરોવર તરફ પૂજ્યભાવ પ્રાપ્ત થયો, માર્ગ તરફ આકર્ષણ થયું, ચોતરફ શાંતિનું સામ્રાજ્ય જણાયું, વ્યાપાર ધંધાની ધમાલ કે કેસ એપીડેવીટ દાવાઅર-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉના તોફાન વગરના એ સ્થાનમાં જાણે રાગદ્વેષની ગંધ પણ ન હોય એવી સ્થિતિ અનુભવતાં જરા દૂર આવેલ ધર્મશાળામાં મુકામ કરવામાં આવ્યો.

સમય સાંજનો હતો, સૂર્ય અસ્ત થવાને માત્ર એક કલાકનો સમય બાકી હતો, પક્ષીઓની પોતપોતાના સ્થાન શોધી તેમાં દાખલ થઇ જવાની કીકીયારી શરૂ થઈ હતી, આથી સામાન્ય ભોજન વ્યવહાર પતાવી રાત્રીની શરૂઆત થતાં તરસ્યા હૃદયને શાંતિ આપવા જળમંદિર તરફ પ્રયાણ શરૂ કર્યું. અજવાળી રાત્રિ હતી, પૂર્ણિમાનો દિવસ હતો, પોસ માસ હતો, નીર સ્થિર હતું, ચોતરફ એકસરખી શાંતિ હતી, આખી કુદરત હસતી હોય એવો રમ્ય દેખાવ હતો, કુદરત અને કૃત્રિમતા વચ્ચે ઝોલાં ખાતું મન આખરે જ્યારે જળમંદિરના દરવાજામાંથી પગથી ઉપર આવ્યું ત્યારે એ લગભગ પાંચસો ફુટની પૂલ જેવી વ્યવસ્થાવાળી પગથીપર વીરને સ્મરવા લાગ્યું. એક બાજુ સ્થિર જળમાં ચંદ્રમા પોતાનું પ્રતિબિંબ નાખી રહેલો છે, બીજી બાજુ નાની માછલીઓ પાણીમાં દોડાદોડ કરી રહી છે, સામે વિશાળ મંદિર દેખાય છે, એવી સ્થિતિમાં સૃષ્ટિના પૂર સૌંદર્યને નીહાળતાં વીરપરમાત્માની શોકસ્વારી આ રસ્તે પસાર થઇ હશે એમ સ્મરણ થતાં મંદિર આવી પહોંચ્યું. અંદર જઈ પાદુકાના દર્શન કરી ચૈત્યવંદનની વિધિ કરી. અંતરમાં વીર પરમાત્માની ભાવનાઓનો અનુભવ અને બહારની નજરે દર્શનનો અનુભવ કરતાં ઘણો સમય મંદિરમાં અને મંદિરની આજુબાજુમાં વીતી ગયો. આ સ્થાનપરથી બહાર જવા ગમતું નહોતું.

મંદિરની બહારના ભાગમાં ચારે બાજુ આવેલા ચોકને છેડે ચાર ગોખ ( balcony ) અને બુરજ છે. ગોખમાં સહચારીઓ સાથે બેસી વીરપરમાત્માના સમયની વાર્તા કરવા માંડી. જાણે વીરપરમાત્માના નામમાંજ કોઇ અપૂર્વ પવિત્રતા હોય એવો ભાવ જણાયો. એ નામ બોલતાં મનમાં અદ્ભુત આનંદ થવા લાગ્યો, આવે સ્થાન ( ક્ષેત્ર ) યોગપ્રવૃત્તિમાં ઘણું અગત્યનું સ્થાન શા માટે ભોગવે છે તેનો કાંઇક સાક્ષાત્કાર થયો.

વાતો ચાલી કે જે વખતે વીરપરમાત્મા વિચરતા હશે ત્યારે ધર્મની કેવી સુંદર સ્થિતિ હશે ! અનેક રાજાઓ પ્રભુને નમન કરવા આવતા હશે ત્યારે આખી પ્રજામાં ધર્મસામ્રાજ્ય કેવું ભમતું હશે ! સમવસરણમાં બેસી પ્રભુ દેશના દેતા હશે ત્યારે સહૃદય પ્રાણીઓના કેવા સુંદર ભાવ થતાં હશે ! અષ્ટ મહા પ્રાતિહાર્યને નજરે જોઈ લોકોને કેવો ચમત્કાર થતો હશે ! કુદરતી વૈર ભૂલાઇ જવાતાં પ્રેમ અને અહિંસાના અચળ સિદ્ધાન્તને વાતાવરણમાં કેવો અવકાશ મળતો હશે ! એ સમયની ખરેખર બલિહારી છે ! જે પ્રાણીઓએ એ સ્થિતિ જોઇ હશે અને એથી લાભ પ્રાપ્ત કરી ઉત્ક્રાંતિ વધારી લીધી હશે તેઓ ખરેખરા ધન્ય છે. સ્પષ્ટ ગાન હૃદયમાંથી નીકળી ગયું કેઃ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**"નિર્મળ ગુણમણિ રોહણ ભૂધરા, મુનિ મન માનસ હંસ જિનેશ્વર;**
**ધન્ય તે નગરી ધન્ય વેળા ઘડી, માતપિતા કુળ વંશ, જિનેશ્વર !**

આવા ઉત્તમ સમયને, એ સમયના માણસોને, એ પરિચયમાં આવનાર ભાગ્યવાનોને માટે વિચાર આવતાં એ અદ્ભુત સમયની કાંઇક ઝાંખી સર્વને થવા લાગી. જ્યારે નજીકના પ્રદેશમાં પ્રભુ વિચરતા હશે ત્યારે લોકોનો કેવો સુંદર ભાવ હશે, કેવી વૃત્તિઓ થઇ હશે, પ્રભુગુણની વિશાળતા ચોતરફ કેવી સુગંધ વિસ્તારી રહી હશે, ઋતુની અપ્રશિતોષ્ણતા, ઇતિ ઉપદ્રવનો નાશ અને સર્વત્ર બાહ્ય આંતર શાંતિના સમયમાં મનને કેટલી સ્થિતિસ્થાપકતા રહેતી હશે ! જ્યારે પ્રભુએ અનેક ભવ્યજીવોને ઉપદેશ આપ્યો હશે ત્યારે સાંભળનારને કેવી મજા આવી હશે ! અતિ મિષ્ટ સ્વરના શ્રવણમાં કેવું સુંદર ગાન ચાલ્યું હશે ! ચતુર્મુખે દેશનાધ્વનિ વિસ્તરતો હશે ત્યારે કેવો અનિર્વચનીય આનંદ પ્રસરી રહ્યો હશે ! એવી વાતોમાં ગૌતમ ગણધરને પ્રથમ દેશના આપી તે પ્રસંગ ચાલ્યો. તે સ્થાન પણ અહીંથી બે માઇલ નજીકમાંજ છે એમ જણાતાં એ ગોબર ગામની સ્થિતિ પરત્વે વિચાર ચાલ્યો. ઇંદ્રભૂતિનું અભિમાન અને ભગવાન પાસે શંકા નિવારણનો આખો પ્રસંગ યાદ આવતાં હૃદયમાં એક જાતની ઉર્મિ સર્વને થઇ આવી. ઇંદ્રભૂતિની પ્રથમ અવસ્થાપર વિચાર કરતાં તેના પર જરા તિરસ્કારની લાગણી થઇ આવી; તેનું અભિમાન અને તેને પોષણ કરવાના માર્ગો તરફ સહજ ખેદ થયો; પરંતુ તરત અભિમાનને પોષવા પણ જરા અભિમાન દૂર કરીને પ્રભુસ્થાનપર ગમન કરવા તે ઉઠ્યા તે વાત આવી ત્યારે મનમાં જરા શાંતિ થઇ અને તેના તરફ સહજ માન પેદા થયું. આખરે જ્યારે પરમાત્મા તેને નામ દઇને બોલાવે છે ત્યારે મનમાં આવેલ અભિમાનનો પ્રસંગ, શંકાસમાધાનથી પ્રભુસાથે થયેલ ઐક્ય અને ત્યારપછી પ્રભુના સેવક બની તેના તરફ રાગ રાખવાની તેમની સાહજિક વૃત્તિ જોતાં જીવનનાં અનેક સૂત્રો ઉકેલાઇ ગયાં, એ પ્રસંગપર અનેક ચર્ચા ચાલી. વીરપરમાત્માનાં શ્રાવકો અને શ્રાવિકાઓનાં જીવનો વિચારાયાં.

આવી રીતે ચર્ચામાં એક બે કલાક પસાર થયા, ત્યાં ચંદ્ર પૂર જોસમાં પ્રકાશી આકાશના પૂર્વ તરફના અર્ધા માર્ગે આવી ગયો. વાત બંધ પડી. શાંત જળમાં અવારનવાર માછલાંનાં હાલવા ચાલવાનો અવાજ આવતો હતો, બાકી સર્વત્ર શાંતિ હતી. આખા વિશ્વમાં શાંતિ ફેલાણી હોય, જાણે કોઇપણ પ્રકારના દુઃખ ઉપદ્રવ વ્યાધિ કે વિષમતા જીવનમાં હોયજ નહિ, મુક્તિ માર્ગ સરલ અને સીધો હોય એવી સ્થિતિ અનુભવતાં આંતર વિચારણા ચાલી. આ સ્થાને જ્યારે પ્રભુની શોકસ્વારી નીકળી હશે ત્યારે શોકની છાયા કેવી ફેલાઇ રહી હશે એ દશ્ય હૃદય સન્મુખ ખડું થયું. એ પછી વીરજીવન આખું હૃદયપટપર આવવા લાગ્યું. મરીચિના ભવમાં કરેલ અભિમાનપર વિચારણા ચાલી. મનુષ્ય જીવનની તુચ્છતા અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉચ્ચતાપર વિચાર આવ્યો, દરેક પ્રાણી અભિમાનમાં કેવો મસ્ત રહે છે, પોતાની વ્યવહારકુશળતા સામાને સમજાવવાની યુક્તિઓ અને પ્રપંચજાળના ગર્ભમાં રહેલી લઘુવાસનાનું ભાન થયું અને ભરતમહારાજના ભક્તિભાવ પર અને શુદ્ધ-શાસનરાગપર પ્રેમ થયો. માતપિતા તરફ પ્રભુની ભક્તિ, વડીલ બંધુપર વાત્સલ્ય અને ઘોર ઉપસર્ગ સહન કરવાની પ્રભુની શક્તિ દઢતા અને સમતાપર વિચાર આવ્યો. તેમનો ગોશાળા તરફ સમભાવ અને ગોવાળો તરફનો મનોભાવ હૃદયને આનંદ આપવા લાગ્યા. અનેક ઉપસર્ગ અને પરિસહ ઉત્પન્ન કરનાર તરફ તેમની સાત્વિક વૃત્તિપર વિચાર કરતાં હૃદયપર અનિર્વચનીય અસર થઈ આવી. મહા ભયંકર ઉપસર્ગ કરનાર સંગમ જ્યારે હતહૃદયે પાછો ફરે છે ત્યારે પ્રભુને તેના તરફ તિરસ્કાર નથી આવતો પણ 'પોતાના પ્રસંગમાં આવ્યા છતાં તે જરાએ સુધરી શક્યો નહિ અને ઉલટો અનંત સંસારમાં પરિભ્રમણ કરશે.' એ વિચારથી આંખમાં પાણી આવી ગયાં, એ વિચારણા કરતાં મનમાં કોઇ અદ્ભુત ભાવ આવી ગયો. પ્રભુ જાણે સાક્ષાત્ હાજર હોય, સંગમદેવતા ખિન્ન થઈ ચાલ્યો જતો હોય અને પ્રભુની આંખમાં પાણી આવ્યાં હોય તે દેખાવો નજર સન્મુખ તરવા લાગ્યા. આવા પ્રેમના પાઠોના જ્વલંત દૃષ્ટાન્ત મૂકી જનાર પરમાત્માની કેવી અદ્ભુત આત્મદશા હશે એ વિચારે મનને શાંત કરી દીધું, દયાનાં સરલ સિદ્ધાન્તનો ત્યાં અપૂર્વ વિજય થતો અનુભવ્યો અને ઉદારતા અને દાક્ષિણ્યનો મહાન્ પ્રસંગ તેમાં જોવામાં આવ્યો. શૂળપાણીના ઉપદ્રવો, ચંડકોશીઆના તીવ્ર આક્રમણો મનપર તરવરી રહ્યા અને પગપર પાયસ રાંધનાર ગોવાળીઆનાં દૃશ્યો, ખીલા કાનમાંથી કાઢવાના હૃદયને મૂર્છિત બનાવી દે તેવા પ્રસંગો પસાર થઈ ગયા. પ્રભુની અડગ શાંતિ, ધીરજ અને એકતા મનપર વસી રહી.

સંપૂર્ણ જ્ઞાન થયા પછી ભવ્ય જીવ તરફ ઉપકાર કરવા ગંભીર દેશનાના ધ્વનિ જાણે એ સ્થાનમાં પડી રહ્યા હોય, અષ્ટ મહાપ્રાતિહાર્યો અને અતિશયની શોભા ત્યાં વિસ્તરી રહી હોય, સમવસરણની શોભા સામે ખડી હોય, આકાશમાં દુંદુભિ વાગી રહ્યા હોય, અનેક મનુષ્યો અને દેવો ઉપદેશ અમૃતનું પાન કરવા આવી રહેલા હોય અને કર્ણને પવિત્ર કરી આત્મસન્મુખ થઈ જતાં હોય, અહિંસા પ્રતિષ્ઠા પામેલા સ્થાનમાં તિર્યંચો પણ પોતાનું વૈર ભૂલી જતાં હોય, સિંહ અને મૃગ, વાઘ અને બકરી પ્રેમના વાતાવરણમાં સાથે ચાલતા હોય, સર્વ ઇતિ ઉપદ્રવ નાશ થઇ ગયેલા હોય એવા શુદ્ધ પ્રસંગમાં કેવી શાંતિ પ્રસરી હશે ? કેવા આનંદથી મનો નાચી રહ્યાં હશે ? કેવી ઉર્મિઓ હૃદયમાં ઉછળી રહી હશે ? એ વિચારમાં ને વિચારમાં પ્રભુજીવનના અનેક પ્રસંગો યાદ આવતાં થોડો વખત આ શાંત સમયમાં મોજાંઓ હૃદયપટપર પસાર થવાં લાગ્યાં, મનને અદ્ભુત શાંતિનો અનુભવ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ફરાવવાં લાગ્યાં, એ જીવનમાં અદ્દભુત વિશિષ્ટતા છે, એ મહા પ્રયાસે કરી પ્રાપ્ત કરવા યોગ્ય છે એમ વિચાર થતાં શાંતિના સામ્રાજ્યમાં સ્થિર થયેલ જળ અને તેના ઉપર પ્રસરી રહેલી ચંદ્રિકા તરફ જોઇ રહેલી આંખો શરીર તરફ વળી બંધ થઇ ગઇ અને આંતરદૃષ્ટિ વધારે ખુલી. એકાંત સ્થાન, વ્યવહારની ધમાધમથી અગમ્ય સ્થાન અને મહા પુરૂષના અવશેષને ધારણ કરેલ પવિત્ર સ્થાનનો પ્રદેશ આત્માપર સીધી અસર કરવા લાગ્યો, સ્વરૂપનું ભાન થયું, વિશાળ આકાશમાં અનેક તારાઓ અને ચંદ્રની નીચે આવી રહેલ વિશાળ સૃષ્ટિમાં, નિર્જન પ્રદેશમાં સ્વસ્થાન શોધવા ભાવના થઇ. મનુષ્યની ખોટી આશાઓ, નકામા પ્રયાસો અને ખોટાં વલખાંઓની તુચ્છતા સ્પષ્ટ જણાઇ, શાંત જીવન સંગ્રહવા યોગ્ય છે, જીવવા યોગ્ય છે, અનુભવવા યોગ્ય છે અને મળેલ સામગ્રીનો આ પ્રાણી ઉપયોગ કરી શકતો નથી, અનુકૂળતાનો લાભ લઈ શકતો નથી, સમયને પોતાનો કરી શકતો નથી એ વિચારણાને લઇને વીરજીવન અને સ્વજીવન વચ્ચે ઝોલાં ખાતું મન આખરે બન્નેની તુલના કરવા લાગ્યું, જાણે વીર પરમાત્માનું સાત હાથનું શરીર સરખા પ્રમાણમાં વધતું જાય છે, મોટું થતું જાય છે, વિકાસ પામતું જાય છે, એમ થતાં થતાં આખરે તે આકાશ સુધી પહોંચી ગયું. શુદ્ધ કંચનમય પરમ પવિત્ર શાંત દેખાવા લાગ્યું, તેના જમણા પગ આગળ સ્વશરીર એક કીડી જેટલું નાનું હોય એમ લાગવા માંડયું અને તે પવિત્ર મહાપુરૂષના પગ પાસે પડી જાણે યાચના કરતું હોય એમ દશા અનુભવતાં નીચેનું ગાન સ્વતઃ નીકળી પડયું.

**“ તાર હો તાર પ્રભુ મુજ સેવકભણી, જગતમાં એટલું સુજસ લીજે. ”**

આ વાકય ઘણીવાર બોલાયું, એના રાગમાં લીનતા થઈ ગઈ, પ્રભાતનો રાગ હોવા છતાં અત્યારે શાંત સૃષ્ટિમાં જાણે પ્રભાતની શાંતિ પસરી રહી હોય તેમ બરાબર રાગનો લય ચાલ્યો, પદની પુનરાવૃત્તિ વારંવાર થવા લાગી અને જાણે પરમાત્માના શાંત મહા શરીર તરફ જોઈ પોતાની અલ્પતાને અનુભવતાં પ્રભુ પાસે માગણી કરતું હોય, પ્રભુમય થવા યત્ન કરતું હોય, પ્રભુ દ્વારા યાચના કરતું હોય અને પ્રભુને વિનવતું હોય તેમ વારંવાર ‘ તાર હો તાર પ્રભુ ’ ની આંતર ગર્જના કરવા લાગ્યું, પ્રભુને વિનવવા લાગ્યું, પ્રભુને સમજાવવા લાગ્યું અને પ્રભુને પગે પડવા લાગ્યું. એ ગાન શરૂ થયા પછી અનેકવાર બોલાયું, વિચારાયું અને પ્રભુને ઉદ્દેશાયું. ગાનના સામાન્ય નિયમ પ્રમાણે પછી તેમાં લીનતા થતી ચાલી, તેમાં એકાગ્રતા વધી અને સન્મુખ સ્થિત વીરપરમાત્માને અને અલ્પ જીવનને જાણે કોઈ એકતા, કોઈ સામાન્ય ભાવ, કોઇ અપૂર્વ સંબંધ હોય એમ અનુભવાતાં એ લય બંધ થઇ ગયો અને **‘ગિરૂઆ રે ! ગુણ તુમ તણા, શ્રી વર્ધમાન જિનરાયા રે’**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એ બહુ પ્રસ્ખલિત સ્તવનાનો નાદ જાગી ગયો, પુનરૂચ્ચાર વગર આખું સ્તવન હૃદયમાંથી નીકળી ગયું અને તેમાં જ્યારે 'તુમ ગુણગણુ ગંગાજળે, હું ઝીલીને નિર્મળ થાઉં રે' એ વચન નીકળ્યાં ત્યારે પરમાત્મા ગુણનો વરસાદ વરસાવતા હોય, એ વરસાદના અમૃતજળમાં આ લઘુ સૂક્ષ્મ શરીર સ્નાન કરી પવિત્ર થતું હોય અને એ વરસાદ પડવો જારી હોય અને જારી રહેશે એવી ભાવના થતાં આખરે–

'તું ગતિ તું મતિ આશરો, તું અવલંબન મુજ પ્યારો રે;'

એ વાક્ય બોલતાં આ શરીર સામે ઉભેલા પરમાત્માને નમી પડયું, પગે પડયું, તેની સાથે થઈ ગયું, તેને સ્પર્શ કરી ગયું અને પ્રભુ સર્વસ્વ એવો ભાવ બરાબર અનુભવવા લાગ્યું. 'તું ગતિ અને તું મતિ, તું આશ્રય અને તું અવલંબન!' એ ચારે શબ્દોના ભણકારા હજુ પણ વિસરાતા નથી, પ્રભુને સર્વ સમર્પણ કરી પ્રભુમાંજ મતિ રાખવાની અને પ્રભુને સર્વસ્વ માની લેવાની ઉન્નત દશાનો અનુભવ કરતાં આખરે મન ત્યાં વિરમ્યું, પ્રભુશરીર ઉપર ચડવા ઇચ્છતું જોવાયું, મન તેના તરફ જવા અને તેમય થવા આકર્ષાતું જણાયું, આખરે ચંદ્રજ્યોત્સ્નામાં તે મહાશરીર મળી ગયું.

આંખ ઉઘડી ગઈ! સામે શાંત સરોવર છે, માછલીઓ કાંઇક અવાજ પાણીમાં અવારનવાર કરે છે, બે મિત્રો બાજુએ બેઠા છે, આ અસલ સ્થિતિ પાછી જોવામાં આવી, વીરપરમાત્માનો દેહ વિસરાળ થઇ ગયો, પણ 'તું ગતિ તું મતિ આશરો, તું અવલંબન મુજ પ્યારો રે' એ ગાન તો ચાલુજ રહ્યું, જાણે અલ્પ સમયમાં જીવન અદ્દભુત દશાનો સાક્ષાત્કાર કરી આવ્યું હોય, પરમાત્માને પ્રત્યક્ષ જોયા હોય અને સંસારભાવથી દૂર થયેલ હોય એવી દશા અનુભવી પાછા જળ અને મંદિર તરફ નજર ગઇ, બન્ને મિત્રોને જોયા અને તેઓની સાથે ધર્મચર્ચા ચાલુ થઇ, લગભગ અર્ધો કલાક ધર્મચર્ચા કરી દશ વાગ્યાના સુમારે મુકામ તરફ પાછા ફર્યા.

પ્રભુગુણથી આકર્ષાઇ ત્યાં આવનારની સગવડ જાળવવા પુણ્યાત્મા પ્રાણીઓએ ધર્મશાળાની સગવડ અને વ્યવસ્થા બહુ સુંદર કરી છે. ત્યાં સુવાની તૈયારી નોકરે કરી રાખી હતી, પથારીમાં પડતાં ઉંઘ આવી પણ ઉંઘમાં વીરપરમાત્માનું ઉન્નત શરીર, શાંત સમયની ચંદ્રિકા અને સુરમ્ય પૃથ્વી તેમજ ગુણગંગાજળનો વરસાદ પાછો વરસવા લાગ્યો, અર્ધ જાગૃત નિદ્રિત અવસ્થામાં વીરપરમાત્માના જીવનના અનેક પ્રસંગો પસાર થવા લાગ્યા, વીરશરીરપર અપૂર્વ ભાવ થયો, લઘુ શરીર દૂરથી તેમનાં દર્શન કરવા લાગ્યું, તેમને સ્પર્શ કરવામાં પવિત્ર વસ્તુને મેલા હાથ અડાડતાં જે ખંચાણુ થાય છે તે સ્થિતિ અનુભવતાં આખરે નિદ્રા આવી ગઈ, માનસિક અને સ્થૂળ દેહે તદ્દન સ્વસ્થ બની પ્રભાતમાં ઉઠતાં વીરસ્તોત્રની ઘોલણા ચાલી. એક બે સુંદર પ્રભાતના રાગોનો નાદ અંતરમાંથી નીકળી ગયો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યવહારૂ નિત્યકર્મથી પરવારી સ્નાન કરી શ્રીવીર પરમાત્માના નિર્વાણસ્થાનના દર્શનનો લાભ લીધો. આ સ્થાન ધર્મશાળાની મધ્યમાં આવેલ છે, સુંદર પ્રાસાદથી રમ્ય બનાવેલ છે, ચિત્રવિચિત્ર કોરણીથી કૃત્રિમ બનાવેલ છે અને આકર્ષક આરસથી સ્થૂળ નજરને શાંતિ આપનાર કર્યું છે. ત્યાં રહેલ પ્રાચિન પાદુકાની સેવા કરી પાછા જળમંદિર તરફ ચાલ્યા. રાત્રિ કરતાં કાંઇક તદ્દન નવીનજ દેખાવ નજરે પડ્યો. સૂર્ય પ્રકાશી રહ્યો છે, જળમાં તેનું પ્રતિબિંબ પડી રહ્યું છે, પવનથી સહજ અસ્થિર બનેલા જળકલ્લોલમાં એકના અનેક સૂર્ય દેખાય છે, માછલીઓએ વિશેષ અવાજ કરતાં પાણીમાં દોડાદોડ કરી મૂકી છે, જળની વચ્ચે આવી રહેલા મંદિરમાંથી ઘંટાનો અવાજ સંભળાય છે, આવા પ્રદેશમાં આગળ વધ્યા, પગથી પર ચાલતા મહાવીરનું સ્મરણ થયું, વર્ધમાનનું વધતું શરીર એકવાર મનપર દેખાઈ અદૃશ્ય થતું જણાયું, પગથી પૂરી થઇ, મંદિરમાં સહમિત્રો સાથે દાખલ થઇ દ્રવ્યપૂજા કરી, ઘણો આનંદ થયો, ભાવપૂજન નિમિત્તે અનેક શ્લોકો બોલ્યા પછી ચૈત્યવંદન વિધિ કરવામાં આવ્યો. સ્ફુટ મધુર સ્વરે ત્યારપછી 'તાર હો તાર પ્રભુ મુજ સેવક ભણી' એ દેવચંદ્રજીના સ્તવનને બોલતાં મનમાં અદ્ભૂત અપૂર્વ ભાવ ઉત્પન્ન થયો. જયવિયરાય સ્તુતિ કરી રહ્યા પછી નીચેની સ્તુતિ ઉભા રહીને કરવામાં આવી. તે બોલતી વખત મનમાં આંતર આનંદ વધતો ગયો. સામે વીર પરમાત્માની પાદુકા અને માનસિક મૂર્ત્તિ હતા તેને ઉદ્દેશીને સ્તુતિ થઇ. અપૂર્ણ.

# हितशिक्षाना रासनुं रहस्य.

( અનુસંધાન પૃષ્ટ ૧૯ થી. )

ચોટામાંથી અથવા બહારથી ઘરે આવી થોડો વખત બેસીને પછી વસ્ત્ર ઉતારવા. ઘરની જમણી શાખા ને ઉંબરો પૂજવો અને પ્રથમ ઘરમાં જમણો પગ મૂકવો. ઉંબરો ચાંપીને અંદર ન પેસવું અને પેસતાં થુંકવું નહીં. પછી મુખ પ્રક્ષાલન કરવું. દંતધાવન ( દાતણ કરવું તે ) મૌનપણે અને એક આસને બેસી નિશ્ચળપણે કરવું. તર્જની આંગળીવડે પેઢા ને દાંત ઘસવા કે જેથી દાંતની બત્રીશી મજબુત થાય. દાતણ અનેક પ્રકારનાં વૃક્ષોનાં થાય છે. હાલ આ દેશમાં બાવળના દાતણની પ્રવૃત્તિ વિશેષ છે. બાકી કણજ, ઝીલ, કણેયર, વડલો, ખેર, બીલો, માલતી ને લીંબડા તેમજ બોરડી વિગેરેના દાતણ પણ કરવામાં આવે છે. તે સર્વમાં લીંબડાનું દાંતણ વધારે ગુણકારક ગણાય છે. દાતણ વાંકું ન જોઇએ, ચાવવાની જગ્યાએ ગાંઠવાળું ન જોઇએ, ટચલી આંગળી જેવું જાડું જોઇએ અને બાર આંગળ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વાંકું જોઇએ. એવું દાતણ અનામિકા ને ટચલી આંગળીની વચ્ચે રાખીને કરવું. મોઢામાં પ્રથમ જમણી બાજુથી કરવું એટલે પ્રથમ જમણી બાજુ કરીને પછી ડાબી બાજુ કરવું. પોલું, સુકું કે દુર્ગંધી દાતણ ન કરવું. વ્યતિપાત, રવિવાર ને ગ્રહણ હોય ત્યારે ન કરવું. આઠમ, નોમ, ચૌદશ, પડવો, અમાસ, પુનમ ને સંક્રાંતિ એ દિવસોએ દાંતણવડે દાંત ન ઘસવા. તે દિવસે પાણીના બાર કોગળા કરવા અને ઉળ ઉતારવી. ઉળ સોનાની, રૂપાની અથવા કોઈપણ સારા વૃક્ષની રાખવી, તે વાંકી કે કાંટાળી ન હોવી જોઇએ અને દશ આંગળ લાંબી જોઇએ. દાતણ કરીને પોતાની સામેજ નાખવું. પછી નાકમાં પાણી નાખવું. એમ કરવાથી હાથીની જેવું નિરોગી શરીર થઇ શકે છે, મોઢું સુગંધી રહે છે, પળી આવતા નથી, ઇંદ્રિયો નિર્મળ રહે છે, સ્વર સારો રહે છે અને મોઢામાં લીલ (ખેરી) બાઝતી નથી. જ્યારે મોઢામાં સોજો આવેલો હોય, સ્વર બેસી ગયો હોય, શ્વાસનો વ્યાધિ થયેલો હોય, તૃષા લાગી હોય, અજીર્ણ થયેલું હોય, મસ્તક, હૃદય, લોચન કે મુખમાં પાક થયેલ હોય અને કાનમાં દુઃખાવો થયેલો હોય તે વખતે દાતણ ન કરવાનું કહેલું છે. મોઢું સુકાતું હોય, હોઠ તરડાતા હોય, દાંત દુઃખતા હોય અને સ્વર ભંગ થયેલ હોય ત્યારે તેલના કોગળા કરવાનું કહેલું છે. (કેવી રીતે કરવા તે અનુભવીને પૂછવું.)

આ પ્રમાણેની દંતધાવન ક્રિયા જીવરહિત નિરવદ્ય સ્થાને કરવી અને દાતણ પ્રાસુ (નિર્જીવ-સુકું) વાપરવું. પહેલો કોગળો કરતાં જો ગળે પાણીનું બિંદુ ચોટે તો સમજવું કે તે દિવસે ઉત્તમ ભોજન મળવાનું છે. દાતણ જાણીતા વૃક્ષનું અને સુંવાળું કરવું. સારી ભુમિમાં ઉગેલું હોય તેવું કરવું અને દાતણ ચાવીને તેનો રસ ઉતારવો. દાતણ કરીને છેવટે સામે ફેંકી દેતાં જો તે ઉભું રહીને પછી પડે તો તે સુખના હેતુભૂત છે અને ઉત્તમ આહારનો સંકેત સૂચવે છે એમ સમજવું. દાતણ મુખની અંદરથી મળશુદ્ધિ માટે છે. કોઈ પણ વ્યાધિ થયેલ હોય, જ્વર આવતો હોય અને જરા આવેલી હોય તેવે વખતે દાતણ શુભકર કહ્યું નથી. જે મનુષ્ય પચ્ચખ્ખાણી છે અને નિર્મળ બુદ્ધિવાળો છે તેની મુખશુદ્ધિ દાતણ વિના પણ છે એમ સમજવું. વિષ્ણુભક્તિચંદ્રોદય નામના શાસ્ત્રમાં દાતણનો વિશેષ વિધિ કહેલો છે. તેમાં પડવો, છઠ, દશમ, નોમ ને સંક્રાંતિને દિવસે તેમજ શ્રાદ્ધ કે ઉપવાસને દિવસે દાતણ કરવાનો નિષેધ કરેલો છે. એ શાસ્ત્રવચનને અવગણીને જે તે દિવસોએ દાંત ઘસે છે તે અનેક પ્રકારની હાનિ મેળવે છે. પૂર્વ ઉત્તર ને પશ્ચિમ દિશાની સામે બેસીને દાતણ કરવાનું કહ્યું છે. ઉભા ઉભા દાતણ કરવાનો નિષેધ કરેલો છે. આ પ્રમાણેની દંતધાવનની ક્રિયામાં જીવજંતુના રક્ષણ ઉપર ખાસ ધ્યાન રાખવાનું કહેલું છે.

**ઇતિ દંતધાવન ક્રિયા.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હવે શ્રાવકે નેત્રને નિર્મળ રાખવા માટે તેમાં સુરમાનું અંજન કરવું. પણ કાંઇથી થાકીને આવેલ હોય ત્યારે, જમીને તરત, ઉજાગરો થયેલ હોય ત્યારે અને જ્વર આવતો હોય ત્યારે ન કરવું. મસ્તકના કેશ ને દાઢી નિત્ય ઓળવા. (આ લેખ ઉપરથી તે વખત શ્રાવકને દાઢી રાખવાની પ્રવૃત્તિ હોય એમ જણાય છે અથવા ખાસ મારવાડ-મેવાડ માટેજ એ ઉલ્લેખ હોય એમ સમજાય છે.) કેશ પૂર્વ દિશાની સામે રહીને ઓળવા. બે હાથે માથું ખણવું નહીં. કોઇ પણ વસ્તુથી ખરડાયેલો હાથ માથે લગાડવો નહીં.

શ્રાવકે દરરોજ પૂર્વ સન્મુખ રહીને આરીસો જોવો એ પણ એક પ્રકારનું માંગળિક છે. મેલો આરીસો ન જોવો, રાત્રે ન જોવો, રાત્રે જોવાથી આયુ ક્ષીણ થાય છે. દાતણ કરતાં ન જોવો. મોઢું પખાળી ચોખું કરીને પછી જોવો. આરીસો જોતાં જો પોતાના ધડ ઉપર મસ્તક ન દેખાય તો એક પખવાડીયાની અંદર મૃત્યુ આવવાનું સમજવું. એવે અવસરે ઉત્તમ પુરૂષે ચેતી જવું અને આત્મહિત જે થઇ શકે તેમ હોય તે સત્વર કરી લેવું. પાણીમાં, તેલમાં કે તરવારમાં મુખ ન જોવું. તેમજ રૂધિરમાં કે પેશાબમાં મુખ ન જોવું. આદર્શ જોતાં પોતાની મુદ્રા ક્રોધી જણાય તો આયુ ઘટતું સમજવું. પ્રભાતે આરીસો, સરસવ, દહીં, ઘી, બીલાં, ગોરૂચંદન, પુષ્પ ને ફળ એ પદાર્થો જોવાં. એ સર્વ માંગળિકનાં સૂચક પદાર્થો છે.

પછી શ્રાવકે અંગકસરત અવશ્ય કરવી. કસરતના અનેક પ્રકાર છે, તે બરાબર સમજીને પોતાના શરીરને માફક આવે તેવી કસરત કરવી. કસરત કરવાથી શરીર હલકું થાય છે, દુઃખ સહન કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે, અગ્નિ વૃદ્ધિ પામે છે જેથી ખોરાક પચી શકે છે, જરા મોડી આવે છે, શરીરનું ભારેપણું દૂર થાય છે, માંસ સ્થિર થાય છે, વૈરી તેને દબાવી શકતો નથી અને શરીરમાં હુશિયારી આવે છે. જે માણસ બળવંત હોય ને સ્નિગ્ધ ભોજન કરતો હોય તેને તો કસરત બહુ જ જરૂરની અને ઉપયોગી છે.

વસંતઋતુમાં ને શીયાળામાં કસરત વધારે ગુણ કરે છે. કસરત કર્યા પછી તેલનું મર્દન કરાવવું. દરરોજ તેલ મર્દન કરાવવાથી જરા આવતી નથી, વાયુ શમી જાય છે, થાક ઉતરી જાય છે, દૃષ્ટિ (આંખ) નું તેજ વધે છે અને શરીર પુષ્ટ થાય છે. મર્દન કરાવતાં મસ્તક ને કાન તેમજ પગ ઉપર વિશેષ મર્દન કરાવવું.

અન્નવડેજ શરીર ટકી શકે છે. અન્નમાં મુખ્ય રોટલી ગણાય છે. તેથી શરીર પુષ્ટ થાય છે. રોટલી કરતાં દુધ પીવાથી આઠગણું બળ આવે છે, તે કરતાં પાક ખાવાથી અથવા ઘી ખાવાથી આઠગણું બળ આવે છે, અને તે કરતાં આઠગણું બળ તેલ મર્દન કરાવવાથી પ્રાપ્ત થાય છે. તેનાથી રૂપ રંગમાં વૃદ્ધિ થાય છે અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વૃદ્ધ પણ નાના છેલ જેવા લાગે છે. રોગીને માટે તેલ મર્દનનો નિષેધ છે; બીજાને ગુણકારી છે.

તૈલ મર્દન કરાવ્યા પછી પૂર્વ દિશાની સામે બેસીને અંઘોળ ( સ્નાન ) કરવું. સ્નાન કરવાથી કામનું ઉદ્દીપન થાય છે, અગ્નિ પણ જાગૃત થાય છે, તેજ-કાંતિ વધે છે, ખરજ, થાક, મેલ અને ઉંઘ નાશ પામે છે. પરસેવો ને બળતરા પણ નષ્ટ થાય છે. ઉષ્ણ ભોજન કરીને ટાઢે પાણીએ અને શીત ભોજન કરીને ઉને પાણીએ ન્હાવાનો નિષેધ છે. મસ્તકને નિરંતર ટાઢા પાણીથી સાફ કરવું. મસ્તક ઉપર ટાઢું પાણી રેડવું. મસ્તકની નીચેનો આખા શરીરનો ભાગ ઉષ્ણ જળવડે સાફ કરવો.

જિનપૂજાદિ શુભ નિમિત્તેજ પ્રાયે શ્રાવકને સ્નાન કરવાનું કહેલું છે. તેવા ઉત્તમ નિમિત્ત સિવાય બીજ, છઠ્ઠ, આઠમ, દશમ, તેરશ, ચૌદશ, પુનમ, અમાવાસ્યા ને આદિત્યવારે સ્નાનનો નિષેધ કહેલો છે. વારને અંગે સ્નાન કરવાથી થતી લાભ હાનિ કર્ત્તાએ કહેલી છે; પરંતુ તે વ્યવહારિક શાસ્ત્રોનો તે સમય પરત્વે કરેલો ઉલ્લેખ જણાય છે. તે હકીકત બહુ અગત્યની નહીં લાગવાથી અહીં લખેલી નથી.

નગ્નપણે સ્નાન ન કરવું, ચિંતાતુર અવસ્થામાં ન કરવું, પ્રસન્ન ચિત્તે સ્નાન કરવું. ગામથી આવીને તેમજ ભોજન કરીને તરત સ્નાન ન કરવું. અલંકાર પહેરેલા હોય ત્યારે ન કરવું, તેમજ સ્વજનને વળાવી આવીને તરત સ્નાન ન કરવું. તેલવડે સ્નાન કરવાનું પણ કહ્યું છે. તે કેવી રીતે કરવું તે તેના અનુભવીથી માહિતગાર થવું. પડવાને દિવસે અને તીર્થભૂમિએ તેલમર્દન ન કરાવવું. તેમજ વ્યતિપાત, વિષ્ટી, વૈધૃત અને સંક્રાંતિના દિવસો પણ વર્જવા. આ સ્નાનાદિકના ભેદ પ્રાણીના શારીરિક હિતને માટે કહ્યા છે, પરંતુ તે સર્વમાં જીવરક્ષા ખાસ ધ્યાનમાં રાખવાની છે.

સ્નાન તડકે બેસીને કરવું કે જ્યાં જીવજંતુ હોય નહીં. વળી પાણીના પાત્ર લેવાં તે પણ જાડેલાં કપડાવડે જોઇ પુંજી પ્રમાર્જીને લેવા. પરનાળીયાવાળા બાજોઠ ઉપર બેસીને સ્નાન કરવું, કે જેથી પાણી ચોતરફ ફેલાઇ જાય.

શ્રાવકે સર્વ કરણી જયણાપૂર્વકજ કરવી. જયણા વિના તો પુણ્યકરણી કરવાથી પણ લાભ થતો નથી. જેઓ જીવરક્ષા બરાબર જાળવીને ધર્મકરણી કરે છે તેજ તેનો પૂરો લાભ મેળવે છે અને સંસારથી તરે છે.

આ પ્રમાણે સ્નાન કરીને પછી શ્રાવકે અવશ્ય જિનપૂજા કરવી. શરીર કોરા વસ્ત્રવડે બરાબર લુંછીને પછી ઉત્તર સન્મુખ ઉભા રહી જિનપૂજાને યોગ્ય ઉત્તમ વસ્ત્રો પહેરવા. પૂજા ઉત્તર અને પૂર્વ સન્મુખ રહીને કરવી. આ વિધિ ગૃહદેરાસરમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યાં ચરબિંબ હોય તેને માટે સમજવો. મોટા દેરાસરમાં તો જે દિશાએ પ્રભુ બીરાજ્યા હોય તે દિશાનેજ પૂર્વ દિશા ગણવી.

ઘરદેરાસર ઘરમાં ડાબી બાજુએ કરવું. જમીનથી દોઢ હાથ ઉંચા પ્રભુ પધરાવવા. પશ્ચિમ ને દક્ષિણની સાખે પધરાવવા. પૂજા કરતાં પ્રભુના નવ અંગે-અંગુષ્ટ, જાનુ, હાથ, ખભા, ભાળ, મસ્તક, કંઠ, ઉર ને ઉદર ઉપર અનુક્રમે તિલક કરવા, ગાલપર ટપકું પડવા ન દેવું. આ ચંદનપૂજાનો વિધિ સમજવો. પ્રભાતે વાસપૂજા, મધ્યાન્હે ચંદનાદિવડે પૂજા અને સંધ્યાકાળે ધૂપ ને દીપપૂજા કરવી. ધૂપ પ્રભુની ડાબી બાજુ અને દીપ જમણી બાજુ મૂકવો. અક્ષત, ફળ ને નૈવેદ્યવડે અગ્રપૂજા પ્રભુની સન્મુખ રહીને કરવી. પછી પ્રભુની દક્ષિણ બાજુ બેસીને પુરૂષે ચૈત્યવંદન કરવું. હવે પ્રભુની પૂજા કરતાં તેમની કઇ કઇ અવસ્થાનું ક્યારે ક્યારે ચિંતવન કરવું ? તે કહે છે:— અપૂર્ણ.

# वस्तुपाळ मंत्रीना मृतदेहनी संस्कारभूमिनो निर्णय.

ઘણા જ ખેદની વાત છે કે આગળ થઈ ગયેલા મહાન્ શ્રાવકોના ઇતિહાસનો અભ્યાસ આજ સૂક્ષ્મ દૃષ્ટિથી કરવા કરાવવામાં આવતો નથી. અણહિલપુર પાટણના રહીશ અને ધોળકાના રાજા વીરધવલના મહામંત્રી શ્રી વસ્તુપાળ વિષે જૈનાચાર્યોએ જેટલું લખ્યું છે તેટલું બીજા કોઇ પુરૂષ માટે લખેલું જોવામાં આવતું નથી. વસ્તુપાળનો સ્વર્ગવાસ સંવત ૧૨૯૮ માં એટલે આજથી ૬૭૬ વર્ષ અગાઉ થયો હતો. તેમના દેહાંત બાદ પહેલવહેલું શ્રી મેરૂતુંગાચાર્યે સંવત ૧૩૬૧ માં પ્રબંધચિંતામણિમાં વસ્તુપાળ પ્રબંધમાં તેમના દેહાંતભૂમિ તથા સંસ્કારભૂમિનું વર્ણન કર્યું છે. ત્યારબાદ સંવત ૧૪૦૫ માં શ્રી રાજશેખર સૂરિએ ચતુર્વિંશતિ પ્રબંધમાં તે બાબતનું લંબાણ વર્ણન કર્યું છે. આ બંને ગ્રંથો વસ્તુપાળના દેહાંત પછી થોડાજ વખતમાં લખેલા હોવાથી બહુ વિશ્વસનીય છે.

પ્રબંધચિંતામણિમાં લખ્યું છે કે વસ્તુપાળ પોતાના આયુષ્યનો અંત સમય નજીક જાણી ધોળકેથી શ્રી શત્રુંજય તીર્થે તેરમી યાત્રા કરવા નીકળ્યા. રસ્તામાં અંકેવાળીઆ ગામમાં તેમને તાવ આવ્યો. એટલે સર્વ જીવને ખમાવી અનશન લઈ ત્યાં જ સ્વર્ગે ગયા. તેમના મૃતદેહને તેમના નાના ભાઇ તેજપાળ તથા પુત્ર જૈતસિંહ અંકેવાળીઆથી શત્રુંજય ડુંગર ઉપર લાવ્યા અને ત્યાં અગ્નિસંસ્કાર કર્યો. અગ્નિસંસ્કારવાળી જગ્યાઉપર તેજપાળ તથા જૈતસિંહે શ્રી યુગાદિ દેવની દીક્ષાવસ્થાની મૂર્તિથી શોભતો સ્વર્ગારોહણ નામે પ્રાસાદ કરાવ્યો ( જુઓ પ્રબંધ ચિન્તામણિ ભાષાંતર. પાનું ૨૮૨ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચતુર્વિંશતિ પ્રબંધમાં વસ્તુપાળ પ્રબંધની અંદર લખ્યું છે કે વસ્તુપાળને સંવત ૧૨૯૮ માં તાવ આવ્યો, તેમના ગુરૂ શ્રી નરચંદ્રસૂરિએ તેઓ સંવત ૧૨૯૮ માં સ્વર્ગે જશે એમ કહેલું તેથી તેઓ તરતજ શત્રુંજયની જાત્રા કરવા નીકળ્યા. અંકેવાળીઆ ગામે આવતાં મંત્રીનું શરીર બહુ શિથિલ થઇ ગયું. તેથી ત્યાં જ અનશન લઇ તેઓ સ્વર્ગે ગયા. પછી તેજપાળ તથા જૈતસિંહ મંત્રીના શરીરને શત્રુંજય ઉપર લઇ ગયા અને ત્યાં દેહને શત્રુંજયના એક ભાગમાં સંસ્કાર કર્યો. સંસ્કારભૂમિની પાસે તેઓએ નમિવિનમિયુક્ત ઋષભદેવાધિષ્ઠિત સ્વર્ગારોહણ નામનો પ્રાસાદ કરાવ્યો. ( જુઓ ચતુર્વિંશતિ પ્રબંધ ભાષાંતર. પાનું ૨૩૨ )

ઉપરના બંને ગ્રંથોના લખાણથી એ વાત તો ચોક્કસ થાય છે કે વસ્તુપાળને શત્રુંજય ડુંગર ઉપર અગ્નિસંસ્કાર કર્યો અને તેજ જગો ઉપર બે બાજુ નમિ વિનમિ અને વચ્ચે કાયોત્સર્ગ ધ્યાને ઉભેલી શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિવાળું દેરાસર કરાવ્યું. એવી રીતે કાયોત્સર્ગ ધ્યાને ઉભેલી મૂર્ત્તિ એ દીક્ષા અવસ્થાની મૂર્ત્તિ છે.

સવાલ એ છે કે આ જગ્યા તે કઇ ? અને હાલ તે દેરાસર હયાત છે કે કેમ ? અને જગ્યા અમુક છે એવું આજ ૬૭૬ વર્ષ પછી આપણે ચોકસ કરી શકીએ તેમ છે કે નહીં ?

ડુંગર ઉપર મૂળનાયકજીના દેરાસરજીના ઉત્તરાદા કરાની સામે અને રાયણ પગલાંની પાસે પથ્થરમાં કોરેલી જાળીવાળું નાનું એક દેરાસર હાલ ઉભું છે. તે ઉગમણા બારનું છે. તેમાં આસપાસ નમિ તથા વિનમિ તથા વચ્ચે કાયોત્સર્ગ ધ્યાને ઉભેલી શ્રી આદીશ્વર દાદાની મૂર્ત્તિ છે. તે નીચેનો લેખ કામ કરાવનાર તથા કરનારની બેદરકારીથી ચુનાવડે છાંદી દીધો છે. આ દેરાસર ઘણું જુનું છે એમ તેની અંદર ઉત્તરાદા કરે ગોખમાં ભરતબાહુબળીની સંવત ૧૩૯૩ ના લેખવાળી મૂર્ત્તિઓ છે તેથી, દેરાસરની બાંધણી તથા કોરણી વસ્તુપાળે કરાવેલા બીજા દેરાસરો જેવી છે તેથી તથા દેરાસરમાં પેસતાં જમણે હાથે શેઠ શેઠાણીની સંવત ૧૪૩૦ ની સાલના લેખવાળી મૂર્તિઓ છે તેથી સાબીત થાય છે. એટલે ઉપર જણાવેલ ગ્રંથોમાં આપેલ તમામ વર્ણન આ દેરાસરજી સાથે બંધબેસ્તું આવે છે. આ સિવાય આખા ડુંગર ઉપર આવું બીજું કોઇ સ્થળ નથી. મૂળનાયકના દેરાસરજીના પશ્ચિમ તરફના ઉત્તરાદા કરા અને આ દેરાસરજી વચ્ચે ફુટ નું અંતર છે.

ઉપરની તમામ હકીકતથી સિદ્ધ થાય છે કે મહાન જૈન મંત્રી વસ્તુપાળના દેહને ડુંગર ઉપર દાદાના દેરાસરજીની નજીક અગ્નિસંસ્કાર કરવામાં આવેલો અને તે જગો ઉપર તેમના ભાઇ તથા પુત્રે સ્વર્ગારોહણ નામનું ઉપર જણાવેલું દેરાસર બંધાવેલું.

આ વાત કેટલાક સાધુ મુનિરાજ તથા શ્રાવકો સાથે થતાં દરેકને આશ્ચર્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લાગ્યું તથા આ વાત બનેજ નહિ એમ કહેવામાં આવ્યું. પણ મહાપુરૂષને માટે અપવાદરૂપે બધી છુટ છે. વસ્તુપાળ જેવા પરમ ભક્ત શ્રાવક જેમણે કરોડો નહીં પણ અબજો રૂપિયા કાંકરાની પેઠે ખરચી જૈનોનો તથા જૈન ધર્મનો ઉદય કર્યો તેવા મહાન્ પુરૂષની મરણ સમયની સિદ્ધાચળજી ઉપર અગ્નિસંસ્કાર કરવાની શુભેચ્છા પરિપૂર્ણ કરવામાં કોઇ પણ જૈન કે જૈનેતર આડો ન આવે એમાં કાંઈ નવાઇ જેવું નથી.

ડુંગર ઉપર પૂજા સેવા દર્શન વિગેરે નિમિત્ત સિવાય ન રહેવું એવી પ્રથા છે છતાં હીરસૌભાગ્ય કાવ્યમાં કહ્યા મુજબ શ્રી હીરવિજય સૂરિ ડુંગર ઉપર લાગઠ સંવત ૧૬૫૦ માં ઘણાં દિવસ રહ્યા હતા. તે કાવ્યના કર્ત્તા શ્રીદેવવિમળ ગણિ આ વાતનું સમર્થન કરતાં ટીકામાં કહે છે કે શ્રી હીરવિજય સૂરિ વૃદ્ધ એટલે ૬૭ વરસની ઉમરના હતા અને રોજ ડુંગર ઉપર ચઢવું ને ઉતરવું તેમને દુઃખરૂપ હતું તેથી તેઓ ઘણા દિવસ ડુંગર ઉપર રહ્યા હતા.

આ લેખ લખવાનો અમારો અભિપ્રાય એ છે કે સદરહુ દેરાસરજી ઉપર આ જમીન ઉપર વસ્તુપાળનો સંસ્કાર થયો છે ને આ દેરાસરજી તેજ જમીન ઉપર તેમના ભાઇ તથા પુત્રે તેમની ઇચ્છાનુસાર સ્વર્ગારોહણ નામનું કરાવ્યું છે તેવું જાત્રીઓની જાણ માટે તથા ભાવની વૃદ્ધિ માટે મોટા અક્ષરે લખાવવું જોઇએ.

અંધશ્રદ્ધા અને શોભા દેખાડવાની ગાંડાઇમાં આવા મહાન્ સ્મરણચિન્હો તીર્થો ઉપરથી નાશ પામતા જાય છે તે સાચવી રાખવાની તેના વહીવટદારની તથા દરેક ધર્મપ્રેમી વ્યક્તિની ફરજ છે. માટે યથાશક્તિ આ પ્રયત્નમાં મદદ કરવાની દરેક જૈન બંધુને અમારી વિનંતિ છે.

શ્રી શત્રુંજય ઉપરના દરેક દેરાસરજીનો તથા પ્રતિમાઓનો સંપૂર્ણ ઇતિહાસ ગ્રંથો તથા લેખોના આધારે તૈયાર થઈ શકે તેમ છે. દીલગીરી માત્ર એટલીજ છે કે જેઓનું આ કર્ત્તવ્ય છે અથવા જેઓની શક્તિ છે તેઓ એ બાબતમાં બેદરકાર છે અને જેઓને ઇચ્છા તથા કામની સમજ છે તેઓને પૂરતાં સાધન કે મદદ નથી.

સાધન અને પુસ્તક વિગેરેની સાનુકૂળતા હશે તો દરેક દેરાસરજીનો ક્રમશઃ ઇતિહાસ શ્રી સંઘની સેવામાં થોડે થોડે રજુ કરતો રહીશ.

પાલીતાણા.
તા. ૨૨–૪–૧૮

સંઘનો દાસ,
ડાહ્યાભાઈ પ્રેમચંદ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ટીકા કરવાની ટેવ.[1]

પરમાત્માના શુદ્ધ પવિત્ર માર્ગ તરફ આગળ વધવાની આપણને ઈચ્છા હોય તો આપણે આપણા પોતાનાજ કાર્યમાં ધ્યાન આપવું, અને બીજાઓ તરફથી કરાતાં કાર્યો ઉપર અથવા દર્શાવાતાં વિચારો ઉપર ટીકા કરવી નહિ; કારણકે ઘણી વખત આપણા ખ્યાલમાં ન હોય એવા અમુક કારણસર તથા અમુક વિચારથી તેઓ પોતાનાં કાર્યો કરતાં હોય છે, અગર અમુક સમયે અમુકને ઉદ્દેશીને પોતાના ઉપયોગી અને દીર્ઘદર્શી વિચારો દર્શાવતા હોય છે. આ સર્વ માટે જવાબદાર તો કાર્ય કરનાર અગર વિચાર દર્શાવનાર જ રહે છે. વળી કોઈ પણ બનાવ ઉપર ટીકા ન કરવાનું કારણ એ પણ છે કે આપણે આપણું કાર્ય કરવાનું હોય છે, અને તેમાંજ આપણું ચિત્ત પરોવી રાખવાની જરૂર હોય છે. ટીકા કરવાની વૃત્તિ એવી છે કે ત્યારપછી પોતાનાં કાર્યમાં–પોતાની ફરજમાં ચિત્ત ચોંટતુ નથી. ઘણી વખત ખોટી ટીકા થઇ જાય તો તેનો બચાવ કરવાની ઈચ્છા પણ જાગૃત રહે છે, અને આ પ્રમાણે ટીકા કરવાથી તે કાર્ય કરનારાઓની કાર્ય કરવાની ઇચ્છા દબાઇ જાય છે; તેથી નકામી અન્યની ટીકા કરવી નહિ અને કોઇને તેવી ઈચ્છા થતી હોય તો તે દબાવી દેવી તેમાંજ ખરૂં સૌજન્ય, મહત્વતા અને સરલતા છે.

ટીકા કરવાની ઈચ્છા મૂર્ખાઈ ભરેલી છે, અને આ જમાનામાં તે ઘણી પ્રબળ છે. પોતાના કાર્યમાં ધ્યાન આપવાને બદલે બીજાનાં કાર્યમાં માથું મારવાની દરેકને ઇચ્છા થાય છે; દરેક માણસ એમ સમજે છે કે સામા માણસનું કામ તે કરે છે તેના કરતાં હું વધારે સારૂં કરી શકીશ. તેણે અમુક દરજ્જે દેખાડેલા વિચારો તો ખોટા જ છે. દરેક કાર્ય કરનારા અગર બુદ્ધિપૂર્વક વિચાર દર્શાવનારાની વિરૂદ્ધ ઘણા માણસો ટીકા કરવાને અને જાણે કે તેમનાં કાર્ય અગર વિચારો ખોટાં છે તેવી રીતે ગણીને–સમજીને તેમને સુધારવા અને ફેરવવાનો આગ્રહ કરવા મંડી પડે છે, અને પોતાથી બને તેવા શબ્દોમાં તેમની વિરૂદ્ધ હીલચાલ કરી સૌની સાથે સારૂં રાખવાની પોતાની સૌથી અગત્યની ફરજ વિસરી જાય છે; વળી 'દરેક માણસ વિચારીનેજ કાર્ય કરે છે' દરેક કાર્ય કરનાર અને વિચાર દર્શાવનાર પોતાની ફરજ સમજી તે કાળને અને સ્થળને ઉપયોગી કાર્યો કરે છે અગર વિચારો દર્શાવે છે તે બાબત ભૂલી જઇ ઘણી વખત અંગત આક્ષેપોમાં ઘણા માણસો ઉતરી પડે છે, અને પોતે કરેલ આવાં કાર્યથી જનહિતને જાહેર–પ્રવૃત્તિને કેટલું નુકશાન થાય છે કે થશે તેનો બીલકુલ ખ્યાલ રાખવામાં આવતો નથી. જોકે કોઇનાં પણ કાર્ય ઉપર અગર વિચાર ઉપર પોતાના વિચારો દર્શાવવાની, અને કાર્ય કરનાર અગર વિચાર

1 મી. લેડબીટરના એક ઈંગ્રેજી લેખના આધારે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દર્શાવનાર સાથે એકઠા મળી તેની સાથે સમજાવટ કરવાની દરેકને છુટજ હોય છે, અને તેવો દરેકને હક્ક પણ છે, પરંતુ કેટલીક વખત નકામી ટીકા કરી જાહેર હિતના-જન સમુદાયના લાભના કાર્યોમાં પણ વિઘ્ન આવે ત્યાં સુધી પણ આવી ટીકા લંબાવાય છે, અને તેવે વખતે ઘણી વાર નુકશાન થવાનો ભય પણ ઉત્પન્ન થાય છે, તેથી આવી રીતની ટીકા મૂર્ખાઈભરેલી, નિંદ્ય અને ત્યાજ્ય છે.

હાલના સમયમાં સખ્ત શબ્દોમાં ટીકા કરવાની ટેવ આટલી બધી સામાન્ય થઈ ગઈ છે તેનું શું કારણ હશે ? જેમ દરેક સદ્‌ગુણનો દુરૂપયોગ કરવાથી તે દુર્ગુણ સમાન થઈ પડે છે, તેમ ટીકા કરવાની ટેવ પણ દુર્ગુણ સમાન થઈ પડી છે. ખરૂં કહીએ તો ન્યાય બુદ્ધિથી ગુણદોષ તપાસવા એજ ટીકાકારનું કામ છે, પણ ન્યાય-બુદ્ધિએ સમજ્યા વગર-જ્ઞાન વગર પોતામાં વિદ્વત્તા કલ્પી ખોટી ટીકા કરવા મંડી જવી તે તો એક જાતની મૂર્ખાઈજ છે. હાલ ઘણી વખત જે ટીકા કરાતી જોવામાં આવે છે તે ભેદભાવ સમજવાના હેતુથી કરવામાં આવતી નથી, પણ દ્વેષભાવથી, અથવા અહંભાવથી કરવામાં આવે છે; એટલુંજ નહિ પણ ઘણી વખત અન્યને હેરાન કરવાના અથવા હલકા પાડવાના હેતુથી પણ કરવામાં આવે છે, અગર તો અન્યની વધતી જતી કિર્ત્તિ નહિ સહન થવાથી પણ કરવામાં આવે છે. અજ્ઞાની અને અણસમજુ લોકો તથા પોતે જ્ઞાની છે તેવો ખોટો વિચાર ધરાવનારા પણ અમેજ વ્યાજબી છીએ અને બીજાઓ તદ્દન ગેરવ્યાજબીજ છે, ઉંધે રસ્તે દોરાઈ ગયેલા છે તેમ માનીને ટીકા કરવા ઉદ્યુક્ત થાય છે; આપણે કોઇ વખત અમુક અંશે વ્યાજબી હોઇએ, તેથી બીજાઓ ગેરવ્યાજબી રસ્તે દોરાયેલા છે, આપણી ટીકાને પાત્રજ છે તેમ માનવું ભૂલભરેલું છે. જ્યારે જ્યારે ટીકા કરવાની ઇચ્છા થાય એટલે કે કોઈનાં પણ કાર્ય અગર વિચારો ઉપર ટીકા કરવાનો વિચાર ઉદ્‌ભવે ત્યારે સર ઓલીવર ક્રેમવેલે તેની રાજ્યસભાના સભાસદોને કહેલા શબ્દો યાદ રાખવા કે:—" બંધુઓ ! પ્રભુનાં પવિત્ર નામથી હું તમને વિનંતિ કરૂં છું કે તમે પણ ભૂલ કરવાને પાત્ર છો એ તમારે યાદ રાખવું." મતલબ કે અન્યનાં જે કોઇ કાર્ય માટે ટીકા કરવાની વૃત્તિ ઉદ્‌ભવે તેવાંજ આપણને ભૂલ ભરેલાં લાગતાં કાર્ય અગર વિચાર કરવા માટે આપણે પણ દોષપાત્ર હોવાનો ઘણો સંભવ છે. ટીકા કરવાથી ટીકા કરનારના વખતનો નકામો વ્યય થાય છે, તેવી રીતની ટીકાથી કોઇની ભૂલો સુધરી શકતી નથી, અને જાહેર હિતમાં ઘણી વખત ખાંચ પડે છે; તેથી આવી ટીકા કરવાની વૃત્તિ તો અવશ્ય છોડીજ દેવી તે હિતાવહ; ઉપયોગી અને ડહાપણ ભરેલું છે.

આપણે આપણી વિવેક બુદ્ધિ કેળવવી જોઇએ; પરંતુ તેવડે આપણે આપણાંજ ગુણ દોષ તપાસવાં, બીજાનાં નહિ. દરેક બાબતને બે અથવા વધારે સ્વરૂપ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. તદ્દન શાંત મનથી અને ન્યાય બુદ્ધિથી ટીકા કરવામાં ન આવે, અમુક બાબત ઉપર પોતાનાં વિચારો દર્શાવવામાં ન આવે તો તે નકામું છે, એટલુંજ નહિ પણ નુકશાનકારક છે. ટીકા એટલે સામા પક્ષ ઉપર શબ્દોનો સખ્ત પ્રહાર ચલાવવો એમ નહિ, પણ તેના પ્રત્યે પ્રથમથી વિરૂદ્ધ વલણ રાખ્યા સિવાય તેના અમુક મત અથવા કૃત્યની તરફેણનાં અગર વિરૂદ્ધનાં કારણોની તુલના કરવી એનું નામ ટીકા. આ પ્રમાણેની ટીકા તો હિતબુદ્ધિ સહિત હોય છે; સામો પક્ષ એવી બાબતમાં ભૂલ કરતો હોય કે જેનાથી તેનું સ્વહિત બગડે, અગર સમાજહિતમાં નુકશાન થાય તેવે વખતે દ્વેષબુદ્ધિ વગર–વિરૂદ્ધ વલણ ધરાવ્યા વગર–વિવેક દૃષ્ટિથી શાંત ભાવથી હિતદૃષ્ટિ જ નજર આગળ રાખીને જે કાંઇ કહેવામાં આવે તેમાં કોઈ જાતનો દોષ કે વાંધો નથી. આવે વખતે તો સામો પક્ષ એમ પણ સમજે જ કે આપણે અમુક બાબત અમુક રીતે સમજીએ, પરંતુ આપણી જેટલા જ અગર આપણાથી વધારે બુદ્ધિશાળી માણસો તે બાબત બીજી રીતે સમજે, અને હિતબુદ્ધિથી તે કહે તે આપણે ગ્રહણ કરવુંજ જોઇએ. આવી રીતે વર્તન થાય તો તો ઘણો ફાયદો થાય, સુધારો થાય, અને પ્રગતિ પણ થાય; પણ આક્ષેપક શૈલીએ વર્તવાથી તથા પ્રથમથી વિરૂદ્ધ વલણ પકડીને ટીકા કરવાથી તો ઘણું નુકશાન જ થાય છે, અને જનસમૂહ પણ એવી પ્રવૃત્તિથી ઘણી વખત આગળ પ્રગતિ કરતો અટકી પડે છે.

શુદ્ધ મનથી ટીકા કેવી રીતે કરવી અને કેવી રીતે કરાય તે બાબતનો ઘણા થોડાજ માણસોને ખ્યાલ હોય છે. એકજ ધર્મના જુદા જુદા પંથવાળાઓ તેમજ રાજ્યદ્વારી પક્ષવાળાઓ પ્રમાણિકપણે પોતાની ફરજ બજાવતા હોય તો પણ વિરૂદ્ધ પક્ષનાં માણસો તેઓની સારી હિતવર્ધક નિષ્ઠાની અવગણના કરીને તેમની ટીકા કર્યા વગર રહેતા નથી. ન છાજતી અને અયોગ્ય અવસરે કરેલી આવી ટીકાથી ઘણી વખત કાર્ય કરનારાઓનો ઉત્સાહ મંદ પડી જાય છે, અને મૂળ કાર્યને પણ ઘણી વખત ધક્કો લાગે છે. કોઇપણ બાબત ઉપર ટીકા કરવાની ટેવ પાડવા કરતાં કાર્ય કરવાની–જેટલી બની શકે તેટલી કોમની–જ્ઞાતિની કે દેશની સેવા કરવાની ટેવ પાડવી અને તેમાંજ સદા ઉદ્યુક્ત રહેવું તેજ શ્રેયસ્કર છે. નવાં કાર્ય કરવાની શક્તિ આપણામાં ન જણાતી હોય તો કુદરતથી સોંપાયેલ કાર્યોમાં યથામતિ ફરજ બજાવવી, પણ નકામી ટીકા કરી અન્ય કાર્ય કરનારાઓનાં મન દુઃખવવા, દુભવવા કે તેમને કાર્ય કરતાં અટકી પડે તેવી બુદ્ધિ ઉપજાવવી તે તો નુકશાનકારક અને પાછા હઠાવનારી નીતિ ગણી શકાય.

કોઇ માણસનો મત આપણાથી જુદો હોય તો આપણો તેની સાથે એકમત હોવાનો ડોળ ન કરવો, પણ વિવેકપૂર્વક તેની સાથે વાતચિત કરી મતભેદ દૂર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરવાનો પ્રયત્ન કરવો, અને તેની ભલી નિષ્ઠા માટે તેને ધન્યવાદ આપવો. આ જમાનાના લોકોની એક ઘણીજ ખરાબ ખાસિયત એ છે કે દોષદૃષ્ટિથી જોવામાં, કાગનો વાઘ કરવામાં, અને કોઇ પણ બાબતને ઇરાદાપૂર્વક નકામું ઘણું ખરાબ રૂપ આપવામાં તેઓ તત્પર થઇ જાય છે, પણ જેમના તરફથી આપણને કાંઈ પણ સહાય મળી હોય, અને જેમના જ્ઞાનનો તથા સારી પ્રેરણાનો આપણને લાભ મળ્યો હોય તેમના પ્રત્યે આભાર ન દર્શાવતાં તેમની વિરૂદ્ધ ટીકા કરવી એ તો બહુજ અધમ ગણાય.

એક મહાત્માએ કહ્યું છે કે–" અપકારનો દોષ અમારામાં નથી " એ શબ્દો યુવાનોએ ખાસ કરીને સ્મરણમાં રાખવાં જોઇએ. જેઓ જ્ઞાનમાં આપણા કરતાં આગળ વધેલા હોય, જેઓ ઉમરમાં વૃદ્ધ હોય છતાં કોમ–જ્ઞાતિનાં કામ કરવા સર્વદા તત્પર હોય તેઓની વિરૂદ્ધ વગર વિચારે ટીકા કરવી તે ખચિત ભૂલ છે, નુકશાનકારક છે અને સ્વઆત્માને પણ નીચી પાયરીએ ઉતારનાર છે. કદાચ એવી ટીકા કરવાનો પ્રસંગ ઉભો થાય તો ધીરજ રાખીને લાગતી વળગતી બાબતોનો વિચાર કરી જોવો, અને ભવિષ્યમાં શું નીકળી આવે છે તે ધીરજથી જોવું. સમયના જવાની સાથે પારણામ અવશ્ય જણાઇ આવશે. આપણે આપણા જીવનને માટે તો નિર્ણય કરવો કે દરેક માણસ માટે બને તેટલો સારો મત રાખવો, આપણે આપણું કાર્ય કર્યે જવું, ફરજ સંપૂર્ણ રીતે બજાવ્યા જવી, નકામી હાનિકારક ટીકા કરવાની ટેવને તિલાંજલિ આપી દેવી, અન્યથી કરાતાં સુંદર કાર્યોમાં બનતી સહાય કરવી, અને બીજા માણસો તેને ઠીક લાગે તે કાર્યો ભલે કર્યે જાય તેમાં આપણે કોઇની પણ ટીકા કરવી નહીં.

ને. ગિ. કા.

# શુદ્ધ દેવ ગુરુ અને ધર્મની ઓળખાણ અને સાત પ્રકારની શુદ્ધિ.

કામ ક્રોધાદિ અઢાર દોષ રહિત રાગ દ્વેષ અને મોહાદિક અંતર્ શત્રુઓનો જય કરનાર શ્રી જિન–અરિહંત–તીર્થંકર મહારાજ એ આપણા શુદ્ધ દેવ; નિઃસ્પૃહપણે તત્ત્વબોધ આપનારા, શુદ્ધ માર્ગ બતાવનારા અને કંચન કામિનીથી ન્યારા રહી સૂધું સંયમ પાળનારા ( આચાર્યાદિક ) સુસાધુઓ આપણા શુદ્ધ ગુરૂ; અને અહિંસા, સંયમ અને તપ લક્ષણ, સર્વજ્ઞદેશિત શુદ્ધ ધર્મ જાણવો. એથી વિપરીત લક્ષણવાળા કુદેવ, કુગુરૂ અને કુધર્મ જાણવા. શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મની સાચા દીલથી કરેલી સેવા–ભકિત કલ્પવેલી, ચિન્તામણિ અને કામધેનુની પેરે ફળ-

For Private And Personal Use Only

દાયી થાય છે; તેથી બીજો બધો કુચ્છંદ તજીને નિયમિત રીતે સુખના અર્થી સહુ ભાઈ બ્હેનોએ શુદ્ધ દેવ ગુરૂ ધર્મની સદાય સેવા કરવી.

> " અંગ[1] વસન[2] મન[3] ભૂમિકા,[4] પૂજોપગરણ સાર;[5]
> ન્યાયદ્રવ્ય[6] વિધિશુદ્ધતા,[7] શુદ્ધિ સાત પ્રકાર."

શુદ્ધ દેવ, ગુરૂ અને ધર્મની સેવા ભક્તિનો લાભ લેવા ઇચ્છનારા ભાઇ બ્હેનોએ ઉપર જણાવેલી સાત શુદ્ધિ–૧ શરીરશુદ્ધિ, ૨ વસ્ત્રશુદ્ધિ, ૩ મનશુદ્ધિ, ૪ સ્થાન શુદ્ધિ, ૫ પૂજોપગરણશુદ્ધિ, ૬ ન્યાયદ્રવ્ય શુધિ, અને ૭ વિદ્ધિ શુદ્ધિ સાચવવાની ખાસ જરૂર છે. તેનું વિશેષ વિવેચન ' યાત્રા વિચાર ' ગ્રંથમાં પ્રસ્તાવે કરેલું છે ત્યાંથી અવધારી ત્રિકરણ શુદ્ધિથી ભક્તિનો અપૂર્વ લાભ લેવા સુજ્ઞ જનોએ પ્રયત્નશીલ થવું. બાહ્યશુદ્ધિ પણ ભાવશુદ્ધિના પવિત્ર લક્ષથી સાચવતાં યથાર્થ લાભ મેળવી શકાય છે. મુ. ક. વિ.

# सुबोध प्रश्नोत्तर.

( લેખક–સન્મિત્ર કર્પુરવિજયજી. )

| | પ્રશ્ન | ઉત્તર |
|---|---|---|
| ૧ | પ્રથમ પ્રાણીને આદરવા યોગ્ય શું ? | સુગુરૂનાં આજ્ઞા–વચન |
| ૨ | પ્રાણીને પરિહરવા યોગ્ય શું ? | હિંસા, અસત્યાદિક અકાર્ય. |
| ૩ | ગુરૂ કેવા (ગુણવાળા) હોવા જોઈએ ? | તત્ત્વજ્ઞ, તત્ત્વદેશી, સ્વપરહિત ચિન્તક, સાધક. |
| ૪ | વિદ્વાને શિઘ્ર શું કરવું જોઇએ ? | ભવ ભ્રમણ નિવારણ. |
| ૫ | મોક્ષવૃક્ષનું ખરૂં બીજ કયું ? | સમ્યગ્ જ્ઞાન, ક્રિયા સહિત. |
| ૬ | પરભવ જતાં સાથે લેવાનું ભાતું શું ? | દાન, શીલ, તપ અને ભાવના. |
| ૭ | દુનિયામાં પવિત્ર કોને જાણવો ? | જેનું મન શુદ્ધ–અવિકારી છે તેને. |
| ૮ | ,, ખરો પંડિત કોણ ? | જેના ઘટમાં વિવેક જાગ્યો છે તે. |
| ૯ | ,, ભારે ઝેર કયું ? | ગુરૂની અવજ્ઞા–આશાતના કરવી તે. |
| ૧૦ | મનુષ્ય જન્મ પામ્યાનું સાર્થક શું ? | સ્વપરહિત સાધવા ઉજમાળ થવું એ. |
| ૧૧ | મદિરાની જેમ મદ ઉપજાવનાર કોણ ? | સ્નેહ–રાગ–વિષયાસક્તિ. |
| ૧૨ | ચોરની જેમ સર્વસ્વ હરી જનાર કોણ ? | પાંચે ઇન્દ્રિયોનાં વિષયો. |
| ૧૩ | સંસારરૂપી વિષવેલીનું મૂળ કયું ? | પરસ્પૃહા–આશા–તૃષ્ણા. |
| ૧૪ | દુનિયામાં ખરો દુશ્મન કયો ? | આળસ–પ્રમાદ–અનુદ્યોગ. |

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | |
|---|---|
| ૧૫ મ્હોટામાં મ્હોટો ભય કયો ? | મરણભય–મૃત્યુનો ભય. |
| ૧૬ પરમાર્થ દ્દષ્ટિથી અંધ કોણ ? | ગુણ દોષને નહિ જોનાર–જાણનાર. |
| ૧૭ ,, ,, શૂરવીર કોણ ? | સ્ત્રીના રાગમાં નહિ લપટાનાર. |
| ૧૮ કાનવડે પીવાયોગ્ય અમૃત કયું ? | સદ્‌ઉપદેશ–હિતોપદેશ. |
| ૧૯ પ્રભુતા શાથી પ્રાપ્ત થઇ શકે ? | અદીન–અયાચકવૃત્તિ રાખવાથી. |
| ૨૦ ગહનમાં ગહન વસ્તુ કઈ ? | સ્ત્રીઓનું ચરિત્ર ( આચરણ ). |
| ૨૧ દુનિયામાં દક્ષ–ડાહ્યો કોણ ? | જે સ્ત્રીચરિત્રથી ઠગાય નહિ તે. |
| ૨૨ ,, ખરેખરૂં દારિદ્રય કયું ? | અસંતોષ. |
| ૨૩ ,, ખરેખરી લઘુતા કઇ ? | યાચના–દીનતા–પરઆશા. |
| ૨૪ ,, ખરેખરૂં જીવિત કયું ? | નિષ્કલંક ચારિત્ર પાળ્યું તે. |
| ૨૫ ,, ખરેખરી જડતા કઇ ? | છતી બુદ્ધિએ મૂર્ખ રહેવું તે. |
| ૨૬ ,, ખરેખરી નિદ્રા કઇ ? | અજ્ઞાનતા–અવિવેકિતા. |
| ૨૭ ,, ખરેખરા જાગતા કોણ ? | વિવેક બુદ્ધિવંત–વિવેકી. |
| ૨૮ અતિ ચપળ વસ્તુ કઇ કઈ ? | યુવાની, લક્ષ્મી અને આયુષ્ય. |
| ૨૯ ચંદ્ર જેવા શીતળ સ્વભાવી કોણ? | કેવળ સજ્જનોજ. |
| ૩૦ નરક જેવું દુઃખદાયી શું ? | પરવશ–પરાધીનપણું. |
| ૩૧ ખરૂં વાસ્તવિક સુખ ક્યાં છે ? | વૈરાગ્ય–વિરાગતામાં. |
| ૩૨ ખરૂં સત્ય વચન કયું ? | પ્રાણીને પ્રિય અને હિતરૂપ થાય તે. |
| ૩૩ જીવને વ્હાલામાં વ્હાલી ચીજ કઇ? | નિજ જીવિત–પ્રાણ. |
| ૩૪ ખરૂં દાન કયું કહેવાય ? | જે સ્વાર્થ રહિત પરમાર્થથી દેવાય તે. |
| ૩૫ દુનિયામાં ખરો મિત્ર કોણ ? | પાપકર્મથી બચાવે તે. |
| ૩૬ ,, ખરેખરૂં ભૂષણ કયું ? | શીલ–સદ્‌ગુણ. |
| ૩૭ ,, ,, મુખનું મંડન શું? | સત્ય–હિત–પ્રિય વચન. |
| ૩૮ ,, ,, અનર્થકારી શું ? | ઢંગ ધડા વગરનું અસ્થિર મન. |
| ૩૯ ,, ખરેખરી સુખાકારી વસ્તુ કઇ ? | મૈત્રી–સહુ સાથે મિત્રતા. |
| ૪૦ સર્વ આપદાને દળીનાંખનાર કોણ? | સર્વ સંગ ત્યાગ–અસંગતા. |
| ૪૧ દુનિયામાં ખરેખરો અંધ કોણ ? | અકાર્યમાંજ તત્પર રહેનાર. |
| ૪૨ ,, ,, બ્હેરો કોણ ? | હિત વચન શ્રવણ ન કરે તે. |
| ૪૩ ,, ,, મુંગો કોણ ? | જે સમયોચિત બોલે નહીં તે. |
| ૪૪ ,, ખરેખરૂં મરણ સમાન દુઃખ કયું ? | મૂર્ખપણું. |
| ૪૫ ,, ,, અમૂલ્ય શું ? | જે ખરી વખતે આપવામાં આવે તે. |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગત માસમાં અમોએ જણાવ્યું હતું તે પ્રમાણે શ્રી સુરતમાં પરમપૂજ્ય ગુરૂશ્રી પં. શ્રી આનંદસાગરજીને આચાર્યપદવી આપવાનો મહોત્સવ બહુ આનંદથી અને ઠાઠમાઠથી સંપૂર્ણ થયો છે. શાસનશોભાનાં ઘણાં કાર્યો તે સમયે કરવામાં આવ્યાં છે, તે સાથે સુરતમાં ઘણાં વરસોથી પેસી ગયેલ કુસંપનો પણ નાશ થયો છે અને બધા ભાઇઓ સ્વામીવાત્સલ્યમાં એકઠા થઇને જમ્યા છે તે વિશેષ આનંદદાયક બનાવ બન્યો છે. સં. ૧૯૬૩ માં શ્રી સુરત સંઘમાં કુસંપ પેઠો હતો, તે વખતે સંઘ કોણે બોલાવવો તે બાબતનો વાંધો પડયો હતો, અને નગરશેઠની ઉમર સગીર હોવાથી તેમજ બીજા કેટલાક પ્રતિકૂળ સંયોગોને લીધે નગરશેઠે સંઘ બોલાવ્યો નહોતો. બીજાઓની સહીથી સંઘ બોલાવી ત્રણ ગૃહસ્થો માણેકલાલ ઘેલાભાઇ, ભગુભાઇ ફત્તેચંદ કારભારી અને મનસુખલાલ રવજીને સંઘ બહાર મૂકવાનો તે સમયે ઠરાવ કરવામાં આવ્યો હતો, તેમાં મતભેદ થવાથી સંઘની ઐકયતા દૂર થઈ હતી. આચાર્ય શ્રી વિજયકમળસૂરિશ્વરજી તથા પં. આનંદસાગરજી અને સુરચંદભાઇ બદામી સબજજ તથા ચુનીલાલ ગુલાબચંદ દાલીયા, ચુનીલાલ છગનલાલ શ્રાફ વિગેરેના શુભ પ્રયાસથી આ કલેશનો અંત આવ્યો છે. જે ત્રણ ગૃહસ્થોને સંઘ બહાર મુકવાનો ઠરાવ સં. ૧૯૬૩ માં કરવામાં આવ્યો હતો, તે ત્રણે જણને મુક્ત કરવાનો શ્રી સુરતના સંઘે ઠરાવ કર્યો છે, આથી સુરતના સંઘમાં બહુ ખુશાલી ફેલાણી છે; અને આચાર્યપદવીનો મહોત્સવ બહુજ ઠાઠમાઠથી ઉજવવામાં આવ્યો છે. રા. ચુનીલાલ છગનચંદ શ્રાફ અમારા ઉપર એક પત્રમાં તે બાબતનું વર્ણન લખતાં લખે છે કે—“ ગુરૂવર્ય પં. આનંદસાગરજીને આચાર્યપદવીનું પ્રદાન થયા અગાઉ સુભાગ્યે સુરતના સંઘમાં ઐકયતા થઇ છે, ને તે માટે ખરૂં માન અમારા મિત્રો સુરચંદભાઇ બદામી તથા ચુનીલાલ ગુલાબચંદ દાળીયાને ઘટે છે. તેઓના પ્રયાસથી અમારો છેલ્લા એક માસનો પરિશ્રમ સફળ થયો છે, અને મહારાજશ્રી આણંદસાગરજીના ચિત્તને તેમજ આખા સંઘમાં ઉત્કૃષ્ટ પ્રમોદ વર્ત્તી રહ્યો છે. આચાર્ય પદવીનાં આમંત્રણ પત્રો જોઇએ તેટલાં લખી શકાયાં નહોતાં, છતાં ગઇ કાલે લગભગ છ હજાર મનુષ્યોના સમુદાય વચ્ચે આચાર્યપદવી અપાઇ છે. સં. ૧૯૫૭ માં મુનિરાજ શ્રી સિદ્ધિવિજયજી મહારાજને પંન્યાસપદવી અપાઇ તે વખતે જે ઠાઠ, જે ઉત્સાહ અને જે ઉદારતા જોવામાં આવ્યાં હતાં તેવાજ આ અવસરે સર્વ સંયોગો બન્યા છે. આ વખતે મેરૂપર્વતની અનુપમ અને આગળ કોઇ સ્થળે નહીં બનેલી એવી સ્કેલ—માપ પ્રમાણે રચના કરવામાં આવી છે. નવકારશીનાં જમણ આઠે દિવસનાં છે, તેમાં ગઇ કાલથી તો સુરતનો તમામ જૈનસંઘ એકત્ર થઈ જવાથી બહુજ હર્ષ આનંદ વ્યાપી રહેવા સાથે જમણ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વારમાં પણ પુષ્કળ માણસો નજરે પડે છે. આચાર્યપદવીનો વાસક્ષેપ બરોબર પોણાઅગીઆર વાગે કરવામાં આવ્યો હતો. આચાર્યપદવીના ઉત્સવમાં સર્વ સાધુ સાધ્વી મળી ૮૦) ઠાણાએ ભાગ લીધો છે. સાથે શુદિ ૧૩ શે અષ્ટોત્તરી સ્નાત્ર ભણાવવામાં આવ્યું છે. આ સમાધાન માટે અમે બંને મહાત્માઓનાં બહુજ આભારી છીએ."

પં. આણંદસાગરજીનું આચાર્ય તરીકે પૂજ્ય શ્રી સાગરાનંદસુરીશ્વરજી નામ પાડવામાં આવ્યું છે. સ્વામી વિવેકાનંદ સાથે આ નામ મળતાપણું સૂચવે છે; તેથી જેવી રીતે તે સ્વામીજીએ આર્ય ધર્મ–સનાતન ધર્મનો ડંકો સર્વત્ર વગાડ્યો છે, તેજ પ્રમાણે સાગરાનંદસૂરિ પણ જૈન ધર્મનો વિજય-ડંકો આખા આર્યાવર્તમાં અને સમસ્ત દેશમાં વગડાવશે તેવી આશા રાખવામાં આવે છે.

* * * *

આ વૈશાખ માસમાં અત્રેના સુપ્રસિદ્ધ શહેરી શા. આણંદજી પુરૂષોત્તમના લઘુ ચિરંજીવી ચુનીલાલનાં લગ્ન પ્રસંગે અહીંના ચાલુ રીવાજ પ્રમાણે ઠાઠમાઠ સાથે ધાર્મિક વરઘોડો ચડાવવામાં આવ્યો હતો તથા શાંતિસ્નાત્ર બહુ ઉત્સાહથી ભણાવવામાં આવ્યું હતું. તે પ્રસંગે શા. આણંદજી પુરૂષોત્તમનાં ધર્મપત્ની બાઇ માણેકે આખા સૌરાષ્ટ્રના જૈન બંધુઓને ઉદ્યોગે ચડાવવામાં તરતમાં જ વાપરી નાખવા સારૂ રૂ ૧૦૦૧) સ્વઉત્સાહથી આપ્યા છે. આ તેમનું પગલું અનુકરણીય અને સ્તુત્ય છે. આ ઉદારતા ઉપરાંત તે કુટુંબ તરફથી બીજા ઘણા ખાતાંઓ કે જે અત્યારના જમાનાને ઉપયોગી કેળવણી આપનારા છે તેને પણ યોગ્ય મદદ કરવામાં આવી છે. આ લગ્નપ્રસંગ ખાસ કરીને ઘણા વરસથી જડ ઘાલી બેઠેલા હાનિકારક બાળલગ્નથી દૂર હતો તે આનંદસૂચક અને અનુકરણીય છે. લગ્નપ્રસંગે જમાનાને ઉપયોગી સંસ્થાઓને સંભારીને તેને યોગ્ય સહાય અર્પવી તે જરૂરનું છે. દરેક શ્રીમંત બંધુઓ આવા પ્રસંગે આવી ઉપયોગી સંસ્થાઓને જરૂર સંભારી યોગ્ય સહાય આપશે તેવી આશા છે.

* * * *

વૈશાખ માસમાં ભાવનગર ખાતે **ચાર** ધાર્મિક ઉત્સવો થયા છે. પ્રથમ **વૈશાખ** શુદિ ૩ ના વરસીતપના પારણાને પ્રસંગે **શ્રાવિકાસમુદાય** તરફથી ગિરનાર તીર્થની **રચના** સાથે અઠ્ઠાઈ મહોત્સવ કરવામાં આવ્યો છે. વૈશાખ શુદિ ૬ કે પ્રાચીન ભાવનગર (વડવા) માં નવા બાંધવામાં આવેલા શ્રી નેમિનાથજીના (પ્રતિષ્ઠા મુલતવી રહેલા) મંદિરમાં શ્રી સંઘ તરફથી **અષ્ટોત્તરી સ્નાત્ર** ભણાવવામાં આવ્યું

For Private And Personal Use Only

છે. વૈશાખ વદિ ૩ જે શા. આણંદજી પુરૂષોત્તમ તરફથી શાંતિસ્નાત્ર ભણાવવામાં આવ્યું છે. અને વૈશાખ વદિ ૨ થી વદિ ૯ સુધી આઠ દિવસ પોતાને ઘેર પ્રભુ પધરાવીને વોરા જુઠાભાઈ સાકરચંદે પૂજાઓ ભણાવી છે અર્થાત્ અઠ્ઠાઈ મહોત્સવ કર્યો છે. આ મહોત્સવ સાથે પણ લગ્નનો સંબંધ હતો; કારણકે તેમની પુત્રીના વદિ ૧૫ ના જ લગ્ન ઉપર જણાવેલ ભાઈ ચુનીલાલ સાથે કરવામાં આવ્યા છે. આ પ્રમાણેનાં ધાર્મિક મહોત્સવોથી વૈશાખ માસ સત્કાર્યમાં વૃદ્ધિ કરનારો વ્યતિત થયો છે. ઉત્તમ પુરૂષોએ તેની અંતઃકરણથી અનુમોદના કરવા યોગ્ય છે.

* * * *

આ માસમાં એક ગૃહસ્થ અને એક મુનિ—એમ બે મહાપુરૂષોનો જૈનવર્ગને વિરહ પડ્યો છે. ગૃહસ્થ મહાપુરૂષ તે શ્રી ખંભાત નિવાસી **શેઠ પોપટભાઈ** અમરચંદ છે. તેઓ વૈશાખ વદિ ૪ થે પંચત્વ પામ્યા છે. એઓ શાસનમાં એક સ્થંભ જેવા, નીડર અને શૂરવીરપણે શાસનહિતના કામમાં પ્રવૃત્તિ કરનારા હતા. ધાર્મિક ખાતામાં દ્રવ્ય વાપરવામાં બહુજ ઉદાર હતા. એમણે પુષ્કળ દ્રવ્યનો વ્યય ધાર્મિક ખાતાઓમાં કર્યો છે. તેઓ બહુ વર્ષથી બ્રહ્મચારી હતા અને તન મન ધનથી ધાર્મિક કાર્યો કરનારા હતા. શેઠ આણંદજી કલ્યાણજીની સંસ્થાના પ્રતિનિધિ હતા એટલું જ નહીં પણ સાચા સહાયક હતા. ખંભાત ખાતે છેલ્લું મહાન્ દેવાલય બાંધી તેમણે અઢળક પુણ્ય ઉપાર્જન કર્યું છે. તે મંદિરમાં ઘણા દેવાલયોનો સમાવેશ કરવામાં આવ્યો છે અને પોતાના દ્રવ્યનો પણ પુષ્કળ વ્યય કરવામાં આવ્યો છે. જૈન સમુદાયને એ મહાપુરૂષની ન પૂરાય એવી ખામી પડી છે. આશા છે કે તેમના પુત્રો અને બંધુઓ તે ખામી જણાવા દેશે નહી. બીજા મહાપુરૂષ તે સુપ્રસિદ્ધ **મુનિરાજશ્રી મોહનલાલજી મહારાજના** મુખ્ય શિષ્ય **પંન્યાસજી હરખ-મુનિનો** સુરત ખાતે વદિ ૬ ઠ્ઠે માત્ર ચાર પાંચ દિવસના વ્યાધિમાં સ્વર્ગવાસ થયો છે. એઓ સ્વભાવે શાંત હતા, તપગચ્છની સમાચારી પાળતા હતા અને સાધુ સાધ્વીનો મોટો સમુદાય ધરાવતા હતા. એમનો એકાએક વિરહ પડવાથી તેમના સમુદાયને ન પૂરાય તેવી ખામી આવી પડી છે. તેમનો શિષ્યવર્ગ તેમજ ભક્તિમાન્ શ્રાવકવર્ગ તેમનું નામ અચળ રાખવા સાથે જૈનવર્ગને ઉપયોગી થઇ પડે તેવું સત્કાર્ય કરવા માટે ઉદ્યમવંત છે એવા ખબર મળ્યા છે. આશા છે કે તેઓ એકાદ એવું શ્રેષ્ઠ કાર્ય કરી બતાવશે કે જેથી બીજાઓ પણ પોતાના ગુરૂમહારાજનું નામ અખંડ રાખવા માટે તેવો પ્રયાસ કરે.